અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૧ જાન્યુઆરી ૨૦૨૫, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૧, મહા સુદ ૨
વર્ષ : ૧૬
અંક : ૨૦૯
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### આ માટે ૧૮,૬૯૩ GPUનો ઉપયોગ કરવામાં આવશે

## આગામી થોડા મહિનામાં IndiaAI લોન્ચ કરવામાં આવશે : અશ્વિની વૈષ્ણવે

### ભારતના AI મિશનને ૨૦૨૪ની માર્ચમાં કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી : આ પ્રોજેક્ટ માટે ૧૦,૩૭૨.૯૨ કરોડ ફાળવવામાં આવ્યા



#### ઓડિશામાં AI મોડલ માટેનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવી રહ્યું છે

ભારતના AI મિશનને ૨૦૨૪ની માર્ચમાં કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. આ પ્રોજેક્ટ માટે ૧૦,૩૭૨.૯૨ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ઇન્ડિયાના સ્ટાર્ટઅપ અને રિસર્ચ કમ્યુનિટીનો પણ વિકાસ કરવા માટે આ AI મોડલનો ઉપયોગ કરવામાં આવશે. આ સાથે પબ્લિક અને પ્રાઇવેટ પાર્ટનરશિપને પણ એક નવો વેગ મળી શકે અને દરેક ક્ષેત્રના લોકો એક સાથે આગળ વધે અને એના કારણે દેશનો પણ વિકાસ થાય એ ધ્યેય સાથે આ પ્રોજેક્ટ પર કામ કરવામાં આવી રહ્યું છે. આ AI મોડલનો ઉપયોગ ખાસ કરીને હેલ્થકેર, એગ્રીકલ્ચર અને સરકારી ડિપાર્ટમેન્ટ માટે કરવામાં આવશે. દરેક ક્ષેત્રમાં AI આવવાથી કામ ખૂબ જ સરળ, ઝડપી અને ચોક્કસ થશે. એની સીધી અસર દેશના વિકાસ પર પડશે. IndiaAI એક લાર્જ લેન્ગવેજ મોડલ છે. આ મોડલ ચોક્કસ ક્ષેત્રના પ્રોબ્લેમને ખૂબ જ સારી રીતે ઉકેલશે, તેમજ જરૂરી તમામ સવાલોના જવાબ પણ ખૂબ જ સારી રીતે આપશે.

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

અમેરિકા અને ચીન બાદ હવે ભારત પણ પોતાનું AI મોડલ બનાવી રહ્યું છે. આગામી થોડા મહિનામાં IndiaAI લોન્ચ કરવામાં આવશે. આ માટે ૧૮,૬૯૩ GPUનો ઉપયોગ કરવામાં આવશે. એક પછી એક, ઘણી કંપનીઓ તેમના મોડલ લોન્ચ કરી રહી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની રેસમાં હવે ભારત પણ પાછળ નહીં રહે. યુનિયન મિનિસ્ટર અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે ભારત હવે પોતાનું AI મોડલ તૈયાર કરી રહ્યું છે. પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીના વિઝન મુજબ, મોર્ડન ટેક્નોલોજી દરેક માટે ઉપલબ્ધ હોવી જોઈએ. આથી હવે ભારત પણ AI પાછળ કામ કરી રહ્યું છે જેથી આ ટેક્નોલોજીનો ઉપયોગ દેશની દરેક વ્યક્તિ કરી શકે. આ સાથે જ પ્રાઈવસીને લગતાં તમામ બાબતોનું પણ ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. દરેક બાબતોનું એમાં ખૂબ જ બારીકાઈથી ધ્યાન રાખવામાં આવશે.

ભારત ખૂબ જ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ પર કામ કરી રહ્યું છે. આ પ્રોજેક્ટ છે AI મોડલ અને એ માટે કોમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ માટે ૧૮,૬૯૩ GPUનો ઉપયોગ કરવામાં આવશે. એમાંથી ૧૨,૮૯૬ Nvidia H100 GPU અને ૧,૪૮૦ Nvidia H200 GPUનો ઉપયોગ કરવામાં આવશે. હાલમાં ભારત પાસે ૧૦,૦૦૦ GPU તૈયાર છે અને એનું કામ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. બાકીના થોડા દિવસમાં આવી જશે. દેશની આર્થિક અને સામાજિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ લાર્જ લેન્ગવેજ મોડલ તૈયાર કરવામાં આવી રહ્યું છે.

#### IndiaAI આ દ્વારા AI સર્વિસ પણ શરૂ કરવા જઈ રહી છે

સરકાર આ માટે IndiaAIમાં દરેક ભાષાનો સપોર્ટ કરશે. આ માટે ફાઉન્ડેશન મોડલ પણ તૈયાર કરવામાં આવશે. આ મોડલ એટલા માટે બનાવવામાં આવી રહ્યું છે કે તેમાં ભારતની તમામ ભાષાનો સમાવેશ થાય, તેમજ એ ભાષા માટેના તમામ ડેટા પણ ઉપલબ્ધ થાય. આ સાથે એનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે કે કોઈ પણ ભાષા સાથે કોઈ પણ પ્રકારનો પૂર્વગ્રહ નહીં રાખવામાં આવે. આ એક માર્કેટ પ્લેસ છે જ્યાં યુઝર IndiaAIની સર્વિસ મેળવી શકશે. આ માર્કેટપ્લેસમાં પહેલેથી ટ્રેઇન મોડલ્સ ઉપલબ્ધ હશે, જેનો ઉપયોગ ભારતીયો પોતાની રીતે કરી શકે છે. IndiaAIને ભારત દ્વારા ખૂબ જ પ્રમોટ કરવામાં આવશે અને દરેક કંપનીમાં તેનો ઉપયોગ કરવામાં આવે તેવા પ્રોત્સાહન પૂરાં પાડવામાં આવશે.

### અનેક ટેન્ટ બળીને ખાક, કોઈ જાનહાનિ નહીં

## મહાકુંભમાં નાસભાગ બાદ ભીષણ આગ લાગી





। (એજન્સી) પ્રયાગરાજ, તા.૩૦ ।

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજથી મોટા સમાચાર સામે આવ્યા છે. મૌની અમાવસ્યાના દિવસે પ્રયાગરાજ મહાકુંભ મેળામાં બુધવારે (૨૯ જાન્યુઆરી) થયેલી નાસભાગ બાદ આજે (૩૦ જાન્યુઆરી) મેળાની બહાર બનેલા ટેન્ટ સિટીમાં ભીષણ આગ લાગી હતી. ઝુંસી છતનાગ ઘાટના નાગેશ્વર ઘાટ સેક્ટર ૨૨ પાસે આગ લાગી હતી. આ ભીષણ આગમાં અનેક ટેન્ટ બળીને ખાક થઈ ગયા. માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ટીમ આગ પર કાબૂ મેળવવા માટે પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે મહામહેનતે આગ પર કાબુ મેળવ્યો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. ઝૂસીના છતનાગ ઘાટ અને નાગેશ્વર ઘાટ વચ્ચે મહાકુંભમાં સેક્ટર ૨૨ ક્ષેત્ર સ્થિત છે, જ્યાં આ ઘટના બની હતી. સદનસીબે જ્યાં આગ લાગી ત્યાં કોઈ રહેતું ન હતું. કોઈ શ્રદ્ધાળુ ટેન્ટમાં અંદર ન હતા. જો કે, આગમાં અનેક ટેન્ટ બળીને ખાક થઈ ગયા, પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી. ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે. ચીફ ફાયર ઓફિસર પ્રમોદ કુમાર શર્માએ જણાવ્યું કે, સેક્ટર ૨૨માં આગ લાગવાની માહિતી મળી હતી. ઘટના સ્થળ પર અનેક ફાયર વિભાગની ગાડીઓ પહોંચી અને આગ પર કાબૂ મેળવ્યો. માનવામાં આવી રહ્યું છે કે, શોર્ટ સર્કિટથી આગ લાગી છે.

## તમામ VIP પાસ રદ કર્યા, મેળામાં નહીં જઈ શકે ગાડીઓ

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૩૦ ।

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં બુધવારે થયેલી ભાગદોડ બાદ હવે યોગી સરકારે મોટો નિર્ણય લીધો છે. મૌની અમાવસ્યાના દિવસે થયેલી ભાગદોડમાં ૩૦ શ્રદ્ધાળુઓના મૃત્યુ થયા છે અને ૯૦થી વધારે લોકો ઘાયલ થયા છે. આ દુર્ઘટના બાદ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ન્યાયિક સમિતિથી તપાસ કરાવાના આદેશ આપ્યા છે.

### બજેટમાં ત્રણ મોટી જાહેરાતની શક્યતા

## પેટ્રોલના ભાવમાં ઘટાડો, ઈન્કમ ટેક્સમાં રાહત મવળાની શક્યતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

દેશના નાણા મંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરી શનિવારે કેન્દ્રીય બજેટ ૨૦૨૫ રજૂ કરવાના છે. જેમાં વિવિધ ઉદ્યોગ સંગઠનો દ્વારા મધ્યમવર્ગને અનુલક્ષી ઈન્કમ ટેક્સમાં સુધારો, એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો તેમજ સરકારી લાભોમાં વધારો કરે તેવી ભલામણો કરવામાં આવી છે. જો કે, બીજી તરફ સામાન્ય પ્રજા બજેટમાં કોઈ ખાસ ફેરફાર ન થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. આવો જાણીએ નિર્મલા સીતારમણ બજેટમાં કેવા સુધારા કરી શકે છે? કેન્દ્ર સરકાર નવી ટેક્સ રિજિમને પ્રોત્સાહન આપવા અનેક સુધારાઓ કરી શકે છે. હાલ ઘણા કરદાતાઓ જૂની ટેક્સ રિજિમને પ્રાધાન્ય આપી રહ્યા છે. જેને ધ્યાનમાં રાખતાં સરકાર નવી ટેક્સ રિજિમ હેઠળ ઘણા લાભો સમાવિષ્ટ કરી શકે છે.

### સેન્સેક્સમાં ૨૨૬ પોઈન્ટનો ઉછાળો

## ભારે ઉતાર-ચઢાવ બાદ શેરબજાર ગ્રીન ઝોનમાં બંધ

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

ગુરુવારે ભારતીય શેરબજારમાં ભારે અસ્થિરતા જોવા મળી. શેરબજાર સામાન્ય વધારા સાથે લીલા નિશાનમાં ખુલ્યું અને આજે ઘણી વખત તેનો રંગ બદલાતો જોવા મળ્યો અને અંતે વધારા સાથે લીલા નિશાનમાં બંધ થયો. ગુરુવારે, BSE સેન્સેક્સ ૨૨૬.૮૫ પોઈન્ટ (૦.૩૦%) વધીને ૭૬,૭૫૯.૮૧ પર બંધ થયો. જ્યારે NSEનો નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૮૬.૪૦ પોઈન્ટ (૦.૩૭%) ના વધારા સાથે ૨૩,૨૪૯.૫૦ પોઈન્ટ પર બંધ થયો. ગુરુવારે, સેન્સેક્સની ૩૦ માંથી ૧૮ કંપનીઓના શેર વધારા સાથે લીલા રંગમાં બંધ થયા હતા.

### ૬૦ લોકો હતા સવાર

## વોશિંગ્ટન ડીસીમાં હવામાં હેલિકોપ્ટર સાથે અથડાતા પેસેન્જર વિમાન ક્રેશ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૦ ।

પ્લેન ક્રેશને કારણે અમેરિકામાં હોબાળો મચી ગયો છે. રોનાલ્ડ રીગન વોશિંગ્ટન નેશનલ એરપોર્ટ નજીક આકાશમાં એક પેસેન્જર વિમાન હેલિકોપ્ટર સાથે અથડાયું હતું. આ વિમાન દુર્ઘટના એરપોર્ટ નજીક બની હતી. વિમાન અને હેલિકોપ્ટરનો કાટમાળ પોટોમેક નદીમાં પડ્યો હતો. ન્યૂઝ એજન્સી રોઈટર્સે વોશિંગ્ટન ફાયર ડિપાર્ટમેન્ટને ટાંકીને જણાવ્યું છે કે, રાહત અને બચાવ કામગીરી ચાલુ છે. ફાયરબોટ ઘટનાસ્થળે હાજર છે. કેટલાક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એરપોર્ટની ઉપર એક પેસેન્જર પ્લેન અને હેલિકોપ્ટર વચ્ચે ટક્કર થઈ હતી. સોશિયલ મીડિયા પરના વીડિયોમાં જોવા મળે છે કે, રીગન એરપોર્ટ પર લેન્ડિંગ કરતી વખતે વિમાન હેલિકોપ્ટર સાથે કેવી રીતે અથડાયું હતું.

### દરેક કોર્ટ માટે જેલોમાં વિડીયો કોન્ફરન્સિંગ ક્યુબિકલ હોવું જોઈએ

### ગુજરાત સરકારે ૩૦ એપ્રિલ સુધીમાં તમામ કમિશનરેટમાં અને રાજ્યભરમાં શક્ય તેટલી વહેલી તકે નવા ફોજદારી કાયદાઓનો અમલ સુનિશ્ચિત કરવો જોઈએ

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં રાજ્યમાં ત્રણ નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ અંગે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી



। નવી દિલ્હી, તા.૩૦ ।

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં રાજ્યમાં ત્રણ નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ અંગે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં ગુજરાતમાં પોલીસ, જેલ, અદાલત, ફરિયાદ અને ફોરેન્સિક સંબંધિત વિવિધ નવી જોગવાઈઓના અમલીકરણ અને વર્તમાન સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી, કેન્દ્રીય ગૃહ સચિવ, મુખ્ય સચિવ અને ગુજરાતના પોલીસ મહાનિર્દેશક, રાષ્ટ્રીય ગુના રેકોર્ડ બ્યુરો (NCRB)ના મહાનિર્દેશક અને કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને રાજ્ય સરકારના અનેક વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

બેઠકમાં ચર્ચા દરમિયાન, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજી દ્વારા લાવવામાં આવેલા ત્રણ નવા ફોજદારી કાયદાઓનો આત્મા ત્રણ વર્ષમાં FIRથી સુપ્રીમ કોર્ટ સુધીના કોઈપણ કેસમાં ન્યાય આપવાની જોગવાઈમાં છે. નવા ફોજદારી કાયદાઓના અમલીકરણમાં ગુજરાત સરકાર દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલા કાર્યની પ્રશંસા કરતા, શાહે રાજ્ય સરકારને ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં તમામ કમિશનરેટમાં નવા કાયદાઓનો ૧૦૦ ટકા અમલ સુનિશ્ચિત કરવા જણાવ્યું. તેમણે કહ્યું કે ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા માસિક, રાજ્યના ગૃહ મંત્રી દ્વારા પખવાડિયામાં અને મુખ્ય સચિવ, અધિક મુખ્ય સચિવ (ગૃહ) અને પોલીસ મહાનિર્દેશકના સ્તરે સાપ્તાહિક સમીક્ષા થવી જોઈએ.

અમિત શાહે જણાવ્યું હતું કે ગુજરાતે ૧૦ વર્ષથી વધુ સજાવાળા કેસોમાં ૯૨ ટકાથી વધુ ચાર્જશીટ સમયસર દાખલ કરવાનું પ્રશંસનીય કાર્ય કર્યું છે. તેમણે કહ્યું કે બાકીના કેસોમાં કોર્ટ પાસેથી પરવાનગી લેવાની જોગવાઈનો ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે કાયદાની સમીક્ષા કરવી જોઈએ. ગૃહ મંત્રીએ કહ્યું કે ગુજરાતે ઝીરો એફઆઈઆરને ૧૦૦% એફઆઈઆરમાં રૂપાંતરિત કરવાનું પ્રશંસનીય કાર્ય કર્યું છે. તેમણે કહ્યું કે એવી સિસ્ટમ બનાવવી જોઈએ જેમાં ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ (CCTNS) દ્વારા બે રાજ્યો વચ્ચે FIR ટ્રાન્સફર કરી શકાય. ગુજરાતે CCTNS 2.0 અપનાવવું જોઈએ.

નવા કાયદાઓમાં ઈલેક્ટ્રોનિક પુરાવાની જોગવાઈ અંગે ગૃહ મંત્રીએ કહ્યું કે તેના યોગ્ય અમલીકરણ માટે, રાજ્યના ગૃહ અને આરોગ્ય વિભાગે એક બેઠક યોજવી જોઈએ અને હોસ્પિટલોમાંથી પોસ્ટમોર્ટમ અને અન્ય તબીબી અહેવાલો ઈલેક્ટ્રોનિક રીતે પ્રાપ્ત કરવા પર ભાર મૂકવો જોઈએ. શાહે કહ્યું કે જેલ, સરકારી હોસ્પિટલો, બેંકો, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) વગેરે જેવા પરિસરમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પુરાવા રેકોર્ડ કરવાની વ્યવસ્થા હોવી જોઈએ. તેમણે કહ્યું કે જેલોમાં દરેક કોર્ટ માટે વિડીયો કોન્ફરન્સિંગ ક્યુબિકલ હોવું જોઈએ.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ કહ્યું કે પોલીસે ઈલેક્ટ્રોનિક ડેશબોર્ડ પર પૂછપરછ માટે અટકાયતમાં લેવાયેલા લોકો વિશેની માહિતી, જપ્તી યાદી અને કોર્ટમાં મોકલવામાં આવેલા કેસોની માહિતી પ્રદાન કરવી જોઈએ. તેમણે રાજ્યના પોલીસ મહાનિર્દેશકને આ કેસોનું સતત નિરીક્ષણ કરવાનો નિર્દેશ પણ આપ્યો. શાહે પોલીસ સ્ટેશનોમાં નેટવર્ક કનેક્ટિવિટી સ્પીડ નિર્ધારિત ધોરણો કરતાં 30 mbps વધુ વધારવા જણાવ્યું.

અમિત શાહે કહ્યું કે રાજ્ય સરકારે એક પરિપત્ર બહાર પાડવો જોઈએ જેથી ખાતરી કરી શકાય કે સંગઠિત અપરાધ, આતંકવાદ અને મોબ લિંચિંગની જોગવાઈઓનો દુરુપયોગ ન થાય. આ માટે ઉચ્ચ સ્તરે પરવાનગી માટે કડક જોગવાઈઓ કરવી જોઈએ. તેમણે કહ્યું કે ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતામાં ગેરહાજરીમાં ટ્રાયલની જોગવાઈ કરવામાં આવી છે જેના હેઠળ ભાગેડુ ગુનેગારો સામે કાર્યવાહી કરી શકાય છે. રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત કેસોમાં લાંબા સમયથી દેશમાંથી ફરાર આરોપી ભાગેડુઓ સામે ગેરહાજરીમાં ટ્રાયલ શરૂ થવી જોઈએ.

ગૃહ મંત્રીએ દરેક જિલ્લામાં બે થી વધુ ફોરેન્સિક સાયન્સ મોબાઈલ વાન ઉપલબ્ધ કરાવવા પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે મોબાઈલ ફોરેન્સિક વાનમાં વપરાતી બધી ૧૨ કીટ ભારતમાં જ બનાવવામાં આવે તે માટે પ્રયાસો કરવા જોઈએ. શાહે કહ્યું કે ગુજરાત દ્વારા ફોરેન્સિક ક્રાઈમ મેનેજર પહેલને અન્ય રાજ્યોએ પણ અપનાવવી જોઈએ. આ ઉપરાંત, પેન્ડિંગ ફોરેન્સિક કેસોનો ઉકેલ ઝુંબેશ ચલાવીને લાવવા જોઈએ. ફોરેન્સિક નિષ્ણાતોની ભરતી પર ભાર મૂકતા, તેમણે ફોરેન્સિક વિભાગમાં ખાલી જગ્યાઓ પર વહેલી તકે ભરતી સુનિશ્ચિત કરવા જણાવ્યું.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે ગુજરાત હાઈકોર્ટે ૨૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ તમામ ગૌણ અદાલતોને ઈ-પ્રક્રિયાઓ જારી કરવા માટે નિર્દેશો જારી કર્યા છે, જે એક સારી પહેલ છે. તેમણે કહ્યું કે અન્ય રાજ્યોમાં પણ આ માટે પ્રયાસો કરવા જોઈએ. શાહે ડિરેક્ટોરેટ ઓફ પ્રોસિક્યુશનમાં ખાલી જગ્યાઓ પર શક્ય તેટલી વહેલી તકે ભરતી સુનિશ્ચિત કરવા જણાવ્યું. ગૃહ મંત્રીએ કહ્યું કે તાલીમમાં ન્યાયિક અધિકારીઓનો પણ સમાવેશ થવો જોઈએ અને તાલીમનું આયોજન ન્યાયિક એકેડેમી સાથે સંકલનમાં થવું જોઈએ.



## કલેક્ટરે પ્રદૂષણ ફેલાવતી ૫ ક્વોરીઓને બંધ કરવા નોટિસ ફટકારી

। (એજન્સી) બનાસકાંઠા, તા.૩૦ ।

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના ભેમાળ ગામે પ્રદૂષણ ફેલાવતી ૫ જેટલી ક્વોરીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. GPCB (ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ)ની તપાસ બાદ જિલ્લા કલેક્ટરે આ ક્વોરીઓને તાત્કાલિક બંધ કરવાનો આદેશ આપ્યો છે. ક્વોરીઓ અને ડમ્પર પ્લાન્ટોમાંથી થતા બેફામ પ્રદૂષણને કારણે સ્થાનિક લોકોના સ્વાસ્થ્યને ખતરો ઉભો થયો હતો. આ અંગે ભેમાળ ગામના લોકોએ અનેકવાર રજૂઆતો કરી હતી, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. પ્રદૂષણના મુદ્દે ભેમાળ ગામના લોકો મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી આવ્યા હતા અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેના કારણે તંત્ર હરકતમાં આવ્યું હતું. લોકોના વિરોધને પગલે જિલ્લા કલેક્ટરે પ્રદૂષણની તપાસ કરવાના આદેશ આપ્યા હતા. GPCBની ટીમે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને પ્રદૂષણ ફેલાવતા તત્વોની તપાસ કરી હતી. GPCBના રિપોર્ટના આધારે જિલ્લા કલેક્ટરે પ્રદૂષણ ફેલાવતી ૫ ક્વોરીઓને બંધ કરવાની નોટિસ ફટકારી છે. જેના કારણે સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

### તાજેતરમાં જ ક્રાઇમ બ્રાંચે ૨૦૧૦ના વણઉકેલાયેલા હત્યા કેસનો ભેદ ઉકેલ્યો હતો

# ક્રાઇમ બ્રાંચ હવે વણઉકેલાયેલા ચકચારી કેસોનું રિઇન્વેસ્ટિગેશન કરીને ભેદ ઉકેલશે

### અમદાવાદ ક્રાઇમ બ્રાંચે શહેરમાં છ બાર મહિનામાં બનેલા ચકચારી કેસોનું રિઇન્વેસ્ટિગેશન શરૂ કર્યું છે

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે વર્ષ ૨૦૧૦માં થયેલા ચકચારી હત્યા કેસનો વર્ષ ૨૦૨૪માં ભેદ ઉકેલ્યો હતો. ૧૪ વર્ષ બાદ મર્ડર મિસ્ટ્રીનો ભેદ ઉકેલ્યા બાદ હવે ફરી ક્રાઈમ બ્રાંચે આ થિયરી પર તપાસ શરૂ કરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે શહેરમાં છ બાર મહિનામાં બનેલા ચકચારી કેસોનું રિઈન્વેસ્ટિગેશન શરૂ કર્યુ છે. આ તમામ વણઉકેલાયેલા કેસોનું રિઈન્વેસ્ટિગેશન કરીને આરોપીઓ સુધી પહોંચવા પ્રયાસ હાથ ધર્યા છે. જેમાં શહેરમાં થયેલી હત્યા કેસની તપાસથી શરૂઆત કરવામાં આવી છે. જ્યારે ઉચ્ચ અધિકારીઓનું માનીએ તો હત્યા કેસની સાથે સાથે આપઘાત અને અકસ્માતના પણ કેટલાક શંકાસ્પદ કિસ્સાની તપાસ કરાશે. ગુનેગાર ગમે તેટલો શાતિર હોય પરંતુ પોલીસ ધારે તો અનેક વર્ષો બાદ પણ તેને ઝડપી શકે છે તેવા અનેક ઉદાહરણરૂપી કિસ્સા છે. આ જ થિયરી પર હવે અમદાવાદ ક્રાઈમ બ્રાંચે એક ઓપરેશન હાથ ધર્યુ છે. ક્રાઈમ બ્રાંચના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાજેતરમાં બનેલા વણઉકેલાયેલા ગુનાની ફરી તપાસ શરૂ કરાઈ છે. ક્રાઈમ બ્રાંચે વણઉકેલાયેલા મર્ડર, શંકાસ્પદ આપઘાત કેસ કે અકસ્માતના કેસોનું રિઈન્વેસ્ટિગેશન શરૂ કર્યુ છે. શહેરમાં અનેક એવા હત્યા સહિતના કેસ છે જેનો ભેદ ન ઉકેલાયો હોવાના કારણે ફાઈલ દફતરે થઈ ગઈ હતી. અગાઉ કેટલાક કિસ્સામાં પૂર્વઆયોજિત કાવતરું ઘડીને આરોપીઓએ દુશ્મનને મોતને ઘાટ ઉતારીને અકસ્માત મોતમાં ખપાવવાની કોશિષ કરી હોવાનું સામે આવ્યું હતું. જેથી આવા ઉદાહરણરૂપી કિસ્સા આધારે વણઉકેલાયેલા કેસોનું રિઈન્વેસ્ટિગેશન શરૂ કરાયું છે. ઉચ્ચ અધિકારીઓનું કહેવું છે કે જમાલપુરમાં હનીફ દાઢી કેસ, ગોમતીપુરમાં એક બાળકની હત્યા જેવા પાંચેક હત્યા કેસોની પુનઃ તપાસ શરૂ કરાઈ છે. જ્યારે ખાડિયામાં થયેલી લૂંટ, દસેક જેટલા અકસ્માત મોત સહિતના આશરે ૧૫ કેસો પર ક્રાઈમ બ્રાંચે તપાસ આરંભી છે. આ કેસોમાં પોલીસ દ્વારા ફરીથી હ્યુમન ઈન્ટેલીજન્સ, ટેકનિકલ સર્વેલન્સની મદદ લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ પ્રકારના બે જૂના કેસનો ભેદ ઉકેલવામાં ક્રાઈમ બ્રાંચે તાજેતરમાં જ સફળતા પ્રાપ્ત કરી હતી.અમદાવાદ ક્રાઈમ બ્રાંચે વર્ષ ૨૦૧૦માં મનીષ ગુપ્તા ઉર્ફે સહાય નામના યુવકની હત્યાનો વર્ષ ૨૦૨૪માં ભેદ ઉકેલ્યો હતો. પોલીસે ૧૪ વર્ષ બાદ આરોપીની ધરપકડ કરી હતી. જેની પૂછપરછ સમલૈંગિક સંબંધોમાં હત્યા થઈ હોવાનું સામે આવ્યું હતું. હત્યા બાદ આરોપી ૧૪ વર્ષથી મુંબઈ અને રાજસ્થાનમાં નાસતો ફરતો હતો. જોકે એક કોન્સ્ટેબલ ક્લીનર તરીકે ટ્રકમાં કામ પર લાગ્યો હતો અને ત્રણ દિવસની મહેનત બાદ પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.

### સરકારી ચોપડે રિપેરિંગ કામ પૂર્ણ થયું છતાં

# ધ્રાંગધ્રાના વિરેન્દ્રગઢમાં માઈનોર કેનાલ તૂટી જતાં ખેતરોમાં પાણી ફરી વળ્યાં

### દસથી વધુ ખેતરમાં ઘઉં, જીરૂ, તલ, અજમો સહિતના ઉભા પાકનો સોથ વળી જતાં ખેડૂતોને નુકસાન

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૩૦ ।



સુરેન્દ્રનગર જીલ્લો ખેતી આધારીત જીલ્લો છે અને ખેડુતો બારે મહિના ખેતી પર નિર્ભર રહી પરિવારનું ગુજરાન ચલાવે છે જેમાં મુખ્યત્વે ખેડુતો સીંચાઈ માટે નર્મદા કેનાલ દ્વારા પાણી મેળવે છે ત્યારે માળીયા બ્રાન્ચની માઈનોર કેનાલમાં ઠેરઠેર લીકેજના કારણે ખેડુતોના ખેતરોમાં પાણી ફરી વળતા નુકશાની ભોગવવાનો વારો આવ્યો છે જે અંગે ભોગ બનનાર ખેડુતો સહિત ગ્રામજનોએ ધ્રાંગધ્રા ડેપ્યુટી કલેકટર સહિત ઉચ્ચકક્ષાએ રજુઆતો કરી છે. આ અંગે રજુઆતમાં જણાવ્યા મુજબ માળીયા બ્રાન્ચની માઈનોર કેનાલ ધ્રાંગધ્રાના વિરેન્દ્રગઢ ગામની ચાયડીયા સીમ વિસ્તારમાંથી પસાર થાય છે પરંતુ આ માઈનોર કેનાલ છેલ્લા કેટલાય સમયથી અનેક જગ્યાએ તુટી ગઈ હોવાથી કેનાલનું પાણી લીકેજ થઈ ખેડુતોના ખેતરોમાં આવી જાય છે જેના કારણે અંદાજે ૧૦ થી વધુ ખેડુતોના ખેતરોમાં પાણી ફરી વળતાં ઘઉં, જીરૂ, તલ, અજમો સહિતના શિયાળુ પાકને નુકશાન પહોંચ્યું છે આ તમામ ખેડુતો નાના હોવાથી પરિવારનું ગુજરાન ચલાવવામાં પણ મુશ્કેલી પડી રહી છે જે મામલે અગાઉ પણ ખેડુતો સહિત ગ્રામજનોએ નર્મદા વિભાગ સહિત ઉચ્ચકક્ષાએ રજુઆતો કરવા છતાં કોઈ જ ઉકેલ ન આવતાં તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે આથી કેનાલના પાણીનો યોગ્ય જગ્યાએ નિકાલ કરવામાં આવે અથવા કેનાલ રીપેરીંગ કરવામાં આવે તેવી ખેડુતોમાં માંગ ઉઠવા પામી છે. જ્યારે બીજી બાજુ સરકારી ચોપડે કેનાલનું સંપૂર્ણ રીપેરીંગ કામ થઈ ગયું હોવાનું અને કેનાલ શરૂ હોવાનું દર્શાવવામાં આવ્યું હોવાનો ખેડુતોએ આક્ષેપ કર્યો હતો. જ્યારે ઉપરથી પાણીના ફોર્સના કારણે ખેડુતોના ખેતરોમાં પાણી ફરી વળે છે જેનો નિકાલ કરવામાં આવે અથવા પાણી ઉપરથી બંધ કરવામાં આવે તેવી માંગ સાથે ભોગ બનનાર ખેડુતો સહિત ગામના આગેવાનોએ લેખીત રજુઆત કરી હતી.

### બેવડી ઋતુથી રોગચાળો વકર્યો

# વડોદરામાં વાતાવરણ ફેરબદલથી રોગચાળો વકર્યો

। (એજન્સી) વડોદરા, તા.૩૦ ।

વડોદરામાં વાતાવરણ ફેરબદલથી રોગચાળો વકર્યો હોવાની વાત સામે આવી છે,શરદી,ખાંસી અને તાવના કેસોમાં સતત વધારો થયો હોવાની વાત સામે આવી છે જને લઈ સરકારી હોસ્પિટલમાં દર્દીઓની ભારે ભીડ જોવા મળી રહી છે, તાપમાન ગગડતા કેસો વધ્યા હોય તેવી શકયતાઓ પણ સેવાઈ રહી છે. હજારથી વધુ કેસો રોજના હોસ્પિટલમાં સારવાર માટે આવી રહ્યાં છે.



મળતી માહિતી મુજબ, વડોદરામાં બેવડી ઋતુથી રોગચાળો વકર્યો છે. એક સપ્તાહમાં ડેન્ગ્યુના ૬, ટાઈફોઈડના ૧૪ કેસ નોંધાયા છે. વાયરલ ઈન્ફેકશનના ૨૨૩, ચિકન ગુનિયાના ૨ કેસ નોંધાયા છે. એક મહિનામાં તાવના ૧૨,૩૦૦ કેસ નોંધાયા છે. સરકારી SSG હોસ્પિટલમાં OPDમાં કેસો નોંધાયા છે. વડોદરામાં બેવડી ઋતુથી રોગચાળો વધતા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. ચોખ્ખા પાણીમાં એડિસ મચ્છર ઈંડા મુકે છે. જેમાંથી પ્રથમ પોરા ત્યાર બાદ પ્યુપા તેમજ પુખ્ત મચ્છર બને છે. આમ ઈંડામાંથી પુખ્ત મચ્છર બનતા ૭થી ૧૦ દિવસનો સમય લાગે છે. મચ્છરનું જીવનચક્ર ટુંકુ હોય છે અને પુનઃ ઉત્પત્તિ ઝડપી હોવાથી તેનો ફેલાવો થોડા સમયમાં ખૂબ ઝડપથી થાય છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં લોકોમાં સાફસફાઈના અભાવ, પોતાના સ્વાસ્થય પ્રત્યે બેદરકારી અને માનવીય બેદરકારીથી સહેલાઈથી મચ્છરને પ્રજનન માટે મળી રહેતા ચોખ્ખા પાણીના પાત્રોને કારણે મચ્છરની ઉત્પતિ વધી જાય છે.

ડેન્ગ્યુ ફીવર વાઈરલ રોગ છે, આ રોગ મચ્છર એડીસ ઈજિપ્તી, એડીસ અલ્બોપીટકસ દ્વારા ફેલાય છે. એડસી મચ્છર ડેન્ગ્યુ ઉપરાંત ચિકનગુનિયા, યલોફિવર અને ઝીકા વાઈરલ ઈન્ફેકશન ફેલાવે છે. દુનિયાના ૫૦% લોકો આ રોગ થવાના જોખમમાં રહે છે. ભારે પ્રકારનો ડેન્ગ્યુ જેને ડેન્ગ્યુ હેમરેઝીક ફીવર કહેવામાં આવે છે જીવલેણ નીવડે છે. વાતાવરણને કારણે પણ વાઈરલ ઈન્ફેકશન સહિત પાણીજન્ય અને મચ્છરજન્ય રોગનો ખતરો વધી જાય છે તેવામાં બાળકોનું ખાસ ધ્યાન રાખવું ખૂબ જ આવશ્યક છે અને પાણીજન્ય રોગથી બચવા માટે ઓછામાં ઓછી ૨૦ મિનિટ જેટલું પાણી ઉકાળીને ઠંડું પાડીને ગાળીને પીવું જોઈએ.ચોમાસાની સિઝનમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો ફેલાય છે અને આ વર્ષે વરસાદ હજું પણ સતત પડી રહ્યો છે જેના કારણે અમદાવાદ શહેરમાં રોગચાળો વકરી રહ્યો છે. શહેરના ખાનગી દવાખાનાઓ અને સરકારી દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે

### કેટલાક દિવસોથી ૨-ડી ઈકો મશીન ખોટકાયુ છે

# ગાંધીનગર સિવિલમાં ૨-ડી ઈકો રિપોર્ટ કરાવવા દર્દીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ ।

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કેટલાક દિવસોથી ૨-ડી ઈકો મશીન ખોટકાયુ છે. તેના કારણે હાલાકી વેઠતા દર્દીઓ માટે સિવિલ તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેથી કોઈ દર્દી આ સેવાથી વંચિત રહી ના જાય. સિવિલ હોસ્પિટલના સી-૧ રેડિયોલોજી વિભાગમાં બુધવાર-શુક્રવારના રોજ સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન દર્દીઓને ૨-ડી ઈકો રિપોર્ટ કાઢી આપવામાં આવશે. ગાંધીનગર સિવિલ તંત્ર દ્વારા આરોગ્યલક્ષી સુવિધાઓમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવતા દર્દીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. તાવથી માંડીને ડાયાલિસીસ સુધીના દર્દીઓને યોગ્ય સારવાર મળી રહે છે. હાલના તબક્કે સિવિલમાં ટ્રોમા સેન્ટર અને ૧૦ સુપર હોસ્પિટલ નિર્માણ પામી રહી છે. જયારે બીજી તરફ કેમ્પસમાં ૬૦૦ બેડની હોસ્પિટલ ખાતે કાર્ડિયાક સેન્ટર માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્રણ માળ સુધીના વિભાગોમાં ઓપીડીથી લઈ હદય સંબંધિત તમામ સારવાર મળી રહે છે. જો કે સિવિલની નવી બિલ્ડીંગમાં ત્રીજા માળે ચાલતી ૨-ડી ઈકોની કામગીરી કેટલાક સમયથી ખોરંભે પડી છે. મશીન બંધ થતાં દર્દીઓને ના છુટકે ખાનગી સ્થળે ૨-ડી ઈકો રિપોર્ટ કરાવવાની ફરજ પડતી હતી. ત્યારે સિવિલ તંત્ર દ્વારા પણ નવુ મશીન વસાવવા માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે, પરંતુ ત્યાં સુધીમાં દર્દીઓને તકલીફનો સામનો કરવો પડે નહી તે માટે સી-૧ રેડીયોલોજી વિભાગમાં ૨-ડી ઈકોની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. અઠવાડીયામાં દર બુધવાર અને શુક્રવારના રોજ ટુ-ડી ઈકો સાંજના ૫ થી ૭ કલાક દરમિયાન કરી આપવામાં આવશે. સિવિલમાં બે દિવસમાં અંદાજે ૮૦ થી વધુ દર્દીઓના અંદાજે ૨-ડી ઈકો કરવામાં આવતા હતા. ત્યારે મશીન બંધ થતા દર્દીઓની હાલત કફોડી બની હતી. પરંતુ સિવિલ તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવતા દર્દીઓને રાહત મળી છે. જો કે આગામી સમથમાં તંત્ર દ્વારા ૨-ડી ઈકોનું નવુ મશીન ઈન્સ્ટોલ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## સુએઝ પંપીગ સ્ટેશન તથા સર્વિસ રિઝર્વેયર બનાવવા પાલિકાએ સરકારની જગ્યાની માગણી કરી

। (એજન્સી) સુરત, તા.૩૦ ।

સુરત પાલિકાના તબક્કાવાર હદ વિસ્તરણ બાદ નવા વિસ્તારમાં પ્રાથમિક સુવિધા પૂરી પાડવા માટે પાલિકા હવે સરકારી જગ્યાની માંગણી કરી રહી છે. આ પહેલા પાલિકાને પ્રાથમિક સુવિધા માટે સરકાર દ્વારા જગ્યા આપવામા આવી હતી. હવે ઈચ્છાપોરમાં સુએઝ પંપીગ સ્ટેશન તથા સર્વિસ રિઝર્વેયર તથા કનકપુર વિસ્તારમાં નવા પ્રકલ્પોના નિર્માણ માટે જગ્યાની માંગણી કરવામાં આવી છે. પાલિકાના હદ વિસ્તરણ બાદ નવા વિસ્તારમાં પાણી-ડ્રેનેજની સુવિધા પુરી પાડવા માટે પાલિકા તબક્કાવાર આયોજન કરી રહી છે. હાલમાં સુરત પાલિકાના ઉધના બી-ઝોન વિસ્તારમાં પાણી પુરવઠા માટે આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ઈચ્છાપોરમાં સુએઝ પંપીગ સ્ટેશન તથા સર્વિસ રિઝર્વેયર બનાવવા માટે પાલિકા દ્વારા આયોજન કરવામા આવી રહ્યું છે. સુરત પાલિકાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા મોજે : તલંગપુર, બ્લોક નં. ૨૨૪ ૧,૧૮,૨૭૦ ચો.મી. જમીન પૈકી ક્ષે.૨૫,૦૦૦ ચો.મી. સરકારી જગ્યા ફાળવણી અર્થે આગળની જરૂરી કાર્યવાહી કરવા પત્ર લખવામાં આવ્યો હતો. હાલ સાઉથ ઝોન-બી (કનકપુર) વિસ્તારમાં હાલમાં તમામ ટી.પી.સ્કીમ મુસદ્દારૂપ મંજૂર હોય તથા બાકીના વિસ્તારમાં ટી.પી. સ્કીમ સરકારની મંજૂરી અર્થે સાદર કરેલ હોય અથવા ટી.પી.સ્કીમનું આયોજન થયેલું નથી.

# વડોદરામાં ૧૧.૫૦ ફૂટ લાંબો મહાકાય મગરનું રેમ્પ વોક

। (એજન્સી) વડોદરા, તા.૩૦ ।

વડોદરામાં વગર ચોમાસે મગર નીકળવાની ઘટનાનો સિલસિલો ચાલુ છે. ગતરાત્રે શહેરના કામઆલા સ્મશાન પાસેના બ્રિજ પરથી ૧૧.૫ ફૂટના મહાકાય મગરને રેસ્ક્યૂ કરવામાં આવ્યો છે. મગર નદી વિસ્તારમાંથી નીકળીને રહેણાંક સોસાયટી તરફ જઈ રહ્યો હતો. જો કે, મગરે સ્થાનિકોને જોતા જ તેણે યુ ટર્ન માર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યાર બાદ મગરે ઓવર બ્રિજના ફૂટપાથ પાસે અડિંગો જમાવ્યો હતો. આખરે દોઢ કલાકની જહેમત બાદ મગરને રેસ્ક્યૂ કરીને સહીસલામત રીતે વન વિભાગને સોંપી દેવામાં આવ્યો છે. જેને પગલે સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો છે. સમગ્ર ઘટનાક્રમ અંગે વડોદરાના પ્રાણીપ્રેમી હેમંતકુમાર વઢવાણાએ મીડિયાને જણાવ્યું કે, ગઈ કાલે મળસ્કે ૧૧.૫ ફૂટના મગરનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. કાસમ કબ્રસ્તાન પાસે આવેલા કાસમ બ્રિજ નજીકથી આ મગરનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. આ મગર હોવા અંગેની જાણ પોલીસ, ફાયર, અને સ્થાનિકો દ્વારા અમને કરવામાં આવી હતી. ત્યાર બાદ હું અને મારી ટીમ તથા ફોરેસ્ટના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા. અને મગરનું રેસ્ક્યૂ કર્યું છે. વધુમાં જણાવ્યું કે, પ્રાથમિક માહિતી પ્રમાણે આ મગર નીકળીને સોસાયટી તરફ જઈ રહ્યો હતો. પરંતુ સોસાયટીના રહીશોને જોતા જ તેણે યુ ટર્ન માર્યો હતો. અને રોડ પર આવીને બેસી ગયો હતો.

# બનાસકાંઠામાં માર્ગ સલામતિ અને સુરક્ષા માસ અંતર્ગત શોર્ટ ફિલ્મનું નિર્માણ કરાયું

। (એજન્સી) બનાસકાંઠા, તા.૩૦ ।

હાલમાં બનાસકાંઠા જિલ્લામાં ૧ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી સુધી "માર્ગ સલામતી અને સુરક્ષા માસ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. તે અંતર્ગત રોડ સેફ્ટી અને જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.માર્ગ સલામતી અંતર્ગત લોકોમાં જાગૃતિ ફેલાય તેવા હેતુ સાથે પાલનપુરના ફિલ્મ મેકર અને યુવા ફિલ્મ ડાયરેક્ટર નયન ચત્રારિયા દ્વારા એક શોર્ટ ફિલ્મ "ન્કી...!!" નું નિર્માણ કરવામાં આવ્યું છે. આજરોજ બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાના વરદ હસ્તે આ શોર્ટ ફિલ્મ લોન્ચ કરવામાં આવી હતી. આ પ્રસંગે બનાસકાંઠાના જાણીતા સેવાભાવી તબીબ ડો. સુરેન્દ્ર ગુપ્તા, ડાયરેક્ટર નયન ચત્રારિયા સહિત આ ફિલ્મના મુખ્ય અભિનેતા રાજ વાગડોદા અને ચાઈલ્ડ એક્ટર કુમાર ચત્રારિયા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.જિલ્લા પોલીસ વડા અક્ષય રાજ મકવાણાએ આ ફિલ્મનું નિર્માણ કરી સામાજિક જાગૃતિ કાર્ય કરવા નયન ચત્રારિયા અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા હતા. બાઈક અને મોપેડ જેવા ટુ વ્હીલર માં ચાલુ વાહને કેટલાક લોકો મોબાઈલમાં વાત કરતા હોય છે અને એ વખતે કેવી કરુણ પરિસ્થિતિ સર્જાય છે એનું તાદ્રશ્ય વર્ણન આ શોર્ટ ફિલ્મમાં કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં મુખ્ય પાત્રમાં રાજ વાગડોદા, હિના પટેલ અને બાળ કલાકાર કુમાર ચત્રારિયા એ ભૂમિકા ભજવી છે.

## વિશેષ

### આંગણવાડી ક્ષેત્રમાં દાહોદનું ગૌરવ એટલે હિરલબેન ભટ્ટ

# સમગ્ર ગુજરાત રાજ્યમાંથી લગભગ ૧૨ જેટલી આંગણવાડી બહેનોની યાદીમાં દાહોદ જિલ્લામાંથી હિરલબેન ભટ્ટની પસંદગી થવા પામી

। (માહિતી) દાહોદ ।

નારીશક્તિ ઘરના ઉંબરાને વટાવી આજે આકાશ સુધી પહોંચી ગઈ છે. હવે તો એવું એક પણ ક્ષેત્ર નથી કે જ્યાં નારીનો ડંકો વાગતો ન હોય ! નારીશક્તિને યથોચિત સન્માન અને સમાન તક મળી રહે એ માટે રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા કેટલાક ક્રાંતિકારી નિર્ણયોને કારણે નારીશક્તિની પ્રતિભાને વેગ મળવાની સાથે તેની ખૂબીઓનો પરિચય લોકોને થયો છે.

દિલ્હી ખાતે યોજાયેલ ૭૬ મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે દાહોદની આંગણવાડી કાર્યકર્તા બહેનશ્રી હિરલ ભટ્ટને જિલ્લા કક્ષાએ મહિલા અને બાળ વિકાસ કેન્દ્રીય મંત્રીશ્રી અન્નપૂર્ણા દેવી તેમજ રાજ્યમંત્રીશ્રી સાવિત્રી ઠાકુરના વરદ હસ્તે ઉત્કૃષ્ટ કામગીરી માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર ગુજરાત રાજ્યમાંથી લગભગ ૧૨ જેટલી





આંગણવાડી બહેનોની યાદીમાં દાહોદ જિલ્લામાંથી હિરલબેન ભટ્ટ ની પસંદગી થવા પામી હતી. જે સમગ્ર આપણા દાહોદ જિલ્લા માટે ગૌરવ લેવા જેવું બાબત છે. હિરલબેન હર્ષિલભાઈ ભટ્ટ વર્ષ ૨૦૧૭ થી દાહોદમાં આવેલ દેસાઈ વાડા, ઘાંચીવાડા-૩ આંગણવાડીમાં પોતાની ફરજ બજાવી રહ્યા છે. આંગણવાડીનો સમય થયે આ આંગણવાડી નાનકડાં ભૂલકાંઓની કીકીયારીથી ભરાઈ જાય છે. ચલો બાળકો...ના અવાજથી હિરલબેન શરૂઆત કરે એટલે આ નાનકડાં ભૂલકાઓ શિસ્ત બદ્ધ રીતે ગોઠવાઈ અને હિરલબેનને અનુસરવા માંડે. તેડાગર બહેન સોનલબેન નળવાયા અને આંગણવાડી કાર્યકર્તા બહેન હિરલબેન ભટ્ટ એમ ફક્ત ૨ બહેનો થકી ચાલતી આ આંગણવાડીમાં રમત - ગમતના સાધનો, બાળકોના વજન, ઊંચાઈ, તમામ તહેવારોની ઉજવણી કરવી, નાસ્તો સહિત જમવાનું પણ પોષણ સુધાના મેનુ મુજબનું પોષણ યુક્ત આપવામાં આવે છે. ઘરે પોતાની માતાને ખાવા - પીવામાં આનાકાની કરતાં આ બાળકો હોંશે - હોંશે એને આરોગે છે. ઉલ્લેખનીય છે કે, દાહોદ જિલ્લામાં જિલ્લા પ્રોગ્રામ ઓફિસરસુશ્રી ઈરાબેન ચૌહાણના દિશા - સૂચન તેમજ માર્ગદર્શન હેઠળ આંગણવાડી વિભાગ દ્વારા નોંધનીય કામગીરી કરવામાં આવી રહી છે.

હિરલબેનને ૨૨ જુલાઈ ૨૦૨૩ માં મિલેટ વર્ષની જિલ્લા કક્ષાની ઉજવણી દરમ્યાન પ્રથમ નંબર આવતાં સન્માનપત્ર આપવામાં આવ્યું હતું. તેમજ ૧૫ મી ઓગસ્ટ ૨૦૨૨ દરમ્યાન જિલ્લા કલેકટરશ્રીના હસ્તે પણ ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. એ સાથે ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૪ માં યોજાયેલ નારી સંમેલન દરમ્યાન જિલ્લા પંચાયત પ્રમુખશ્રી કરણસિંહ ડામોરના વરદ હસ્તે પણ સન્માનપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



નવી દિલ્હીમાં સંસદના બજેટ સત્ર પહેલા સર્વપક્ષીય બેઠક બાદ કેન્દ્રીય મંત્રીઓ રાજનાથ સિંહ અને કિરેન રિજિજુ સાથે જોવા મળ્યા.

### નક્સલીઓમાં ૭ મહિલાઓ પણ સામેલ

# છત્તીસગઢના નારાયણપુરમાં ૨૯ નક્સલીઓએ કરેલું આત્મસમર્પણ

### આત્મસમર્પણ કરનાર તમામ માઓવાદીઓને ૨૫,૦૦૦ રૂપિયાનો ઈનામ ચેક આપવામાં આવ્યો

। (એજન્સી) રાયપુર, તા.૩૦ ।

છત્તીસગઢના નારાયણપુરમાં કુતુલ એરિયા કમિટીના ૨૯ નક્સલીઓએ નારાયણપુર એસપી સામે આત્મસમર્પણ કરી દીધું. આત્મસમર્પણ કરનાર નક્સલીઓમાં ૨૨ પુરુષ અને ૭ મહિલાઓ સામેલ છે. નારાયણપુર જિલ્લાના પોલીસ અધિક્ષકે જણાવ્યું કે નક્સલીઓ દ્વારા સરેન્ડરનું સૌથી મોટું કારણ જિલ્લામાં ચલાવવામાં આવી રહેલા વિકાસ કાર્ય છે. આ વિસ્તારના નક્સલીઓને વિસ્તારમાં ઝડપથી બની રહેલા રસ્તા તથા ગામ સુધી પહોંચતી વિભિન્ન સુવિધાઓએ પ્રભાવિત કર્યા છે. જેના કારણે તેમનો નક્સલી સંગઠનના વિચારોથી મોહભંગ થઈ રહ્યો છે.

આત્મસમર્પણ કરનાર તમામ માઓવાદીઓને ૨૫,૦૦૦ રૂપિયાનો ઈનામ ચેક આપવામાં આવ્યો અને આત્મસમર્પણ કરનાર નક્સલી પુનર્વાસ નીતિ હેઠળ ઉપલબ્ધ તમામ લાભ આપવામાં આવશે. ૨૦૨૪ બાદથી નારાયણપુરમાં વિભિન્ન રેંકોના ૭૧થી વધુ માઓવાદી કેડરોએ આત્મસમર્પણ કર્યું છે, ૯૦થી વધુ માઓવાદી માર્યા ગયા છે અને



૫૦ માઓવાદીઓની ધરપકડ કરવામાં આવી છે, જેનાથી માઓવાદી સંગઠન કમજોર થઈ ગયુ છે. અબૂઝમાડ વિસ્તારમાં વિકાસ, સુરક્ષા અને શાંતિનું સ્વપ્ન ઝડપથી સાકાર થશે. એસપીએ એ વાત પર જોર આપ્યું કે ઘર, રોજગાર અને સુરક્ષા આપનાર સરકારની પુનર્વાસ નીતિએ આ વ્યક્તિઓને આત્મસમર્પણ માટે આકર્ષિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી. તેમણે અન્ય માઓવાદીઓથી, જે હજુ પણ આંદોલનનો ભાગ છે. પોતાના વલણ પર પુનર્વિચાર કરવા અને મઢમાં પોતાના મૂળ તરફ પાછા ફરવાની અપીલ કરી, જ્યાં તે શાંતિથી રહી શકે છે અને પોતાના સમુદાયના કલ્યાણમાં યોગદાન આપી શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### રાજનીતિ જ કરવી હોય તો લડી લો ચૂંટણી : કેજરીવાલ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુરુવારે (૩૦મી જાન્યુઆરી) ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું કે, ચૂંટણી પંચ રાજનીતિ કરી રહ્યું છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર નિવૃત્તિ પછી નોકરી શોધી રહ્યા છે, તેથી તેઓ રાજનીતિ કરી રહ્યા છે. એક પ્રેસ કોન્ફરન્સમાં પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, જો મુખ્ય ચૂંટણી કમિશનર રાજનીતિ કરવા માંગતા હોય તો તેમણે દિલ્હીની કોઈપણ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડવી જોઈએ. મને નથી લાગતું કે ચૂંટણી પંચ ક્યારેય આટલું બર્બાદ થયું હશે. મને ખબર છે કે તે મને બે દિવસમાં જેલમાં ધકેલી દેશે. મને ડર નથી. દેશે આવી ચૂંટણીઓ પહેલાં ક્યારેય જોઈ નથી. ચૂંટણી પંચે આ મુદ્દે કેજરીવાલને ૫ પ્રશ્નો પૂછ્યા, દિલ્હી ચૂંટણી પહેલા યમુનામાં ઝેર અંગેના નિવેદનને કારણે અરવિંદ કેજરીવાલની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી.

### મહાકુંભમાં થયેલ નાસભાગ બાદ ભડક્યા શંકરાચાર્ય



। (એજન્સી) પ્રયાગરાજ, તા.૩૦ ।

ઉત્તર પ્રદેશમાં પ્રયાગરાજ મહાકુંભમાં થયેલી નાસભાગ બાદ રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકાર ચારે બાજુથી ટીકાનો સામનો કરી રહી છે. રાજકીય પક્ષો બાદ હવે સંતો-મહંતો તરફથી પણ પ્રતિક્રિયાઓ આવી રહી છે. એવામાં શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીનું પણ નિવેદન સામે આવ્યું છે. તેમને આ અંગે કહ્યું કે, વર્તમાન સરકારને હવે સત્તામાં રહેવાનો નૈતિક અધિકાર નથી. શંકરાચાર્યએ પ્રયાગરાજ મહાકુંભમાં થયેલી ભાગદોડ પર મોટું નિવેદન આપતા કહ્યું કે, નાસભાગની ઘટનાએ સરકારની વ્યવસ્થાને ખુલ્લી પાડી દીધી છે. અધિકારીઓ પહેલાથી જ મહાકુંભમાં ૪૦ કરોડ અને મૌની અમાવસ્યા પર ૧૦ કરોડ ભક્તોના આગમનનો દાવો કરી રહ્યા હતા. તે મુજબ, તેઓએ વ્યાપક તૈયારીઓ કરવી જોઈતી હતી. શંકરાચાર્યએ આ ઘટના અંગે વધુમાં કહ્યું કે, આ ઘટના દર્શાવે છે કે તૈયારીઓ પૂર્ણ ન હતી અને લોકોના જીવ સાથે રમત રમાઈ હતી. જો અમારા ઘરે એક કાર્યક્રમમાં ૧૦૦૦ લોકો માટે જોગવાઈ છે, તો આપણે ત્યાં ૫૦૦૦ લોકોને આમંત્રણ ન આપવું જોઈએ. મહાકુંભમાં આવું જ બન્યું. શંકરાચાર્યએ મહાકુંભમાં વ્યવસ્થાને લઈને કહ્યું કે, સારી વ્યવસ્થાની જાણકારી મળ્યા બાદ ભક્તો અહીં આવ્યા. પરંતુ ગ્રાઉન્ડ ઝીરો પર તેમના માટે કોઈ નક્કર વ્યવસ્થા નહોતી. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીનું કહેવું છે કે, સીએમ યોગી સહિત તમામ સરકારી સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ઘટના વિશે સાચી માહિતી આપવાને બદલે લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરવામાં આવી રહી છે.

# વિરાટ કોહલીને મળવા સુરક્ષા ઘેરો તોડી ગ્રાઉન્ડ પર પહોંચી ગયો ફેન

### વિરાટ સ્લિપમાં ફિલ્ડિંગ કરી રહ્યો છે : ચાહક આવતાની સાથે જ તે વિરાટ કોહલીના પગ સ્પર્શ કરે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

વિરાટ કોહલીની એક ઝલક મેળવવા માટે ચાહકો અરુણ જેટલી સ્ટેડિયમ પહોંચ્યા. દિલ્હી અને રેલવે વચ્ચે રણજી ટ્રોફી ૨૦૨૪-૨૫ મેચ અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે. આ મેચમાં વિરાટ કોહલી દિલ્હી ટીમનો ભાગ છે. આ મેચ ૩૦ જાન્યુઆરીથી શરૂ થઈ હતી. મેચમાં વિરાટ કોહલીને જોવા માટે ચાહકો સ્ટેન્ડમાં હાજર હતા, ત્યારે એક ચાહક સુરક્ષા ઘેરો તોડીને મેચની વચ્ચે મેદાનમાં તેને મળવા ગયો. મેચ દરમિયાન એક ચાહકનો મેદાનમાં પ્રવેશવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વધુને વધુ વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે એક ચાહક





સ્ટેન્ડમાંથી બહાર આવે છે અને સીધો કિંગ કોહલી તરફ દોડે છે. આ સમય દરમિયાન, કોહલી સ્લિપમાં ફિલ્ડિંગ કરી રહ્યો છે. ચાહક આવતાની સાથે જ તે કોહલીના પગ સ્પર્શ કરે છે. આ પછી તરત જ, સુરક્ષા ગાર્ડ મેદાનમાં પહોંચે છે અને ચાહકને પકડીને સ્ટેડિયમની બહાર લઈ જાય છે. આ સમય દરમિયાન મેચ થોડા સમય માટે અટકાવી દેવામાં આવે છે. પછી સુરક્ષા કર્મચારીઓ ચાહકને બહાર કાઢે છે, પછી મેચ ફરી શરૂ થાય છે. તમને જણાવી દઈએ કે મેચમાં દિલ્હીએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. તમને જણાવી દઈએ કે આ પહેલી વાર નથી કે કોઈ ચાહક મેચ દરમિયાન વિરાટ કોહલી અથવા તેના મનપસંદ ક્રિકેટરોને મળવા માટે મેદાનમાં આવ્યો હોય, પરંતુ આવા દ્રશ્યો ઘણીવાર જોવા મળે છે. IPLમાં આવા દ્રશ્યો ઘણી વખત જોવા મળ્યા છે, જ્યારે ચાહકો સુરક્ષા ઘેરો તોડીને વિરાટ કોહલીને મળવા આવ્યા હોય છે. ઉલ્લેખનીય છે કે વિરાટ કોહલી ૧૨ વર્ષથી વધુ સમય પછી રણજી ટ્રોફીમાં વાપસી કરી છે. આ પહેલા કોહલીએ ટુર્નામેન્ટની છેલ્લી મેચ નવેમ્બર ૨૦૧૨ માં રમી હતી.

### ડીલ થશે તો ચીન-પાક.ની વધશે મુશ્કેલી

## પહેલીવાર રશિયાનું અદ્યતન ફાઈટર જેટ ભારત આવશે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

રશિયાનું સૌથી અદ્યતન પાંચમી પેઢીનું સ્ટીલ્થ ફાઈટર જેટ Su-57 એરો ઈન્ડિયા ૨૦૨૫માં જોડાઈ શકે છે. રશિયા સતત Su-57ની શક્તિ બતાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. તે આ દ્વારા ભારતીય લશ્કરી અધિકારીઓ અને સરકારને સતત પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. શું ફક્ત વિમાનો જ ખરીદવામાં આવશે? અથવા ટેકનોલોજી ટ્રાન્સફર હેઠળ તેનું ઉત્પાદન ભારતમાં પણ કરવામાં આવશે. કારણ કે જો ઉત્પાદન થશે તો દેશમાં મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટને વેગ મળશે. અને રોજગારની તક પણ. ભારતમાં બનેલા ફાઈટર જેટના વેચાણથી પણ દેશને ફાયદો થશે. જો ભારત રશિયા સાથે આ ફાઈટર જેટનો સોદો કરે છે, તો ચીન અને પાકિસ્તાનની મુશ્કેલીઓ ઘણી વધી જશે. તો જાણીએ આ ફાઈટર જેટની ખાસિયત વિશે... સ્ટીલ્થ ફાઈટર જેટ Su-57ની સ્પીડ ૨૬૦૦ કિમી પ્રતિકલાક છે. આ ઉપરાંત Su-57માં ૧૨ હાર્ડપોઈન્ટ છે. તે વિવિધ ટૂંકા, મધ્યમ અને લાંબા અંતરની હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઈલો અને ગાઈડેડ એરિયલ બોમ્બ લઈ જઈ શકે છે. Su-57માં ફીટ કરાયેલ R-37M મિસાઈલ રશિયાની અત્યાધુનિક ટેકનોલોજી ધરાવતું હથિયાર છે. રશિયાએ યુક્રેન યુદ્ધમાં આ મિસાઈલનો ઉપયોગ કર્યો હતો. Su-57ની સ્ટીલ્થ સિસ્ટમ સ્પીડ ઘટાડ્યા વિના અને મનુવરેબિલિટીને નુકસાન પહોંચાડ્યા વીને કામ કરે છે. રશિયન ફાઈટર જેટ એક મલ્ટી-રોલ ફાઈટર જેટ છે. તે અનેક પ્રકારના ઓપરેશનને પાર પાડી શકે છે. Su-57ની કોમ્બેટ રેન્જ ૧૨૫૦ કિલોમીટર છે. તે મહત્તમ ૬૬ હજાર ફૂટની ઊંચાઈ સુધી પહોંચી શકે છે. સ્ટીલ્થ ફાઈટર જેટ Su-57 સુપરસોનિક છે. આ ફાઈટર જેટની લંબાઈ ૬૫.૧૧ ફૂટ, વિંગસ્પેન ૪૬.૩ ફૂટ અને ઊંચાઈ ૧૫.૧ ફૂટ છે. સુપરસોનિક રેન્જ ૧૫૦૦ કિમી છે. રશિયા સાથે ભારતના રાજદ્વારી અને વ્યૂહાત્મક સંબંધોની મજબૂતાઈ દર્શાવશે. આ ભારતના ભવિષ્યના ફાઈટર જેટ માટે નવા વિચારો લાવશે. જો આ ફાઈટર જેટનો લાઈવ ડેમો ભારતમાં થાય છે, તો ભારતીય સંરક્ષણ નિષ્ણાતો, સંરક્ષણ અધિકારીઓ અને ઈજનેરો તેમાંથી શીખશે.

### UPI યુઝર્સ માટે મોટા સમાચાર

## એક ફેબ્રુઆરીથી અમુક આઈડી પર ટ્રાન્ઝેક્શન કરી શકશે નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

યુપીઆઈ યુઝર્સ એક ફેબ્રુઆરીથી અમુક આઈડી પર ટ્રાન્ઝેક્શન કરી શકશે નહીં. NPCIએ નોટિફિકેશન જાહેર કરી બેન્કો અને નાણાકીય સંસ્થાઓને એક ફેબ્રુઆરીથી સ્પેશિયલ કેરેક્ટર્સ ધરાવતા આઈડી પરથી ન સ્વીકારવા નિર્દેશ કર્યો છે. યુઝર્સ હવે માત્ર આલ્ફાન્યૂમેરિક કેરેક્ટર્સ ધરાવતા આઈડીથી જ નાણાકીય લેવડ-દેવડ કરી શકશે. ડિજિટલ પેમેન્ટમાં ૮૦ ટકા લોકો યુપીઆઈ મારફત પેમેન્ટ કરી રહ્યા છે. શાકભાજીની લારીથી માંડી મોટા-મોટા ટ્રાન્ઝેક્શનમાં પણ યુપીઆઈનો વપરાશ થઈ રહ્યો છે. એવામાં સાયબર ક્રાઈમના વધતા વ્યાપને ધ્યાનમાં રાખતાં NPCIએ આ આદેશ જાહેર કર્યો છે. NPCIએ યુપીઆઈ ઓપરેટર્સનને ટ્રાન્ઝેક્શન આઈડી




માટે આલ્ફાન્યૂમેરિક કેરેક્ટરનો ઉપયોગ કરવા નિર્દેશ આપ્યો હતો. ૧ ફેબ્રુઆરીથી આ નિર્દેશનું પાલન ન કરનારાના યુપીઆઈ ટ્રાન્ઝેક્શન બ્લોક કરવામાં આવશે. સેન્ટ્રલ સિસ્ટમ સ્પેશિયલ કેરેટક્ટર ધરાવતા આઈડી પરથી ટ્રાન્ઝેક્શન કરવા મંજૂરી આપશે નહીં. નેશનલ પેમેન્ટ્સ ઈન્ટરફેસ ઓફ ઈન્ડાયએ અગાઉ જ યુપીઆઈ આઈડી માટે સ્પેશિયલ કેરેક્ટરના સ્થાને આલ્ફાન્યૂમેરિક કેરેક્ટર્સનો ઉપયોગ કરવા સલાહ આપી હતી.

### સ્વાતિ માલિવાલની પોલીસે કરી અટકાયત

## સ્વાતિ માલિવાલે દિલ્હીમાંથી કચરો ભેગો કરી કેજરીવાલના ઘર બહાર ઠાલવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ બુધવારે (૩૦મી જાન્યુઆરી) વિકાસપુરીથી ૩ વાહનોમાં કચરો ભરીને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાનની બહાર ઠાલવ્યો હતો. આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, દિલ્હી સરકાર રાજધાનીમાં સ્વચ્છતા પૂરી પાડવામાં નિષ્ફળ ગઈ છે, તેથી હવે તે અરવિંદ કેજરીવાલના ઘરની બહાર કચરો ઠાલવ્યો. જોકે, પોલીસે સ્વાતિ માલીવાલને અટકાયત કરી હતી. સ્વાતિ માલીવાલે જણાવ્યું હતું કે, આખું શહેર કચરાના ઢગલા જેવું બની ગયું છે, હું અહીં અરવિંદ કેજરીવાલ સાથે વાત કરવા આવી છું. હું તેમને કહીશ કે પોતાને સુધારે, નહીં તો જનતા તેમને સુધારશે. મને તેમના ગુંડાઓથી કે તેમની પોલીસથી ડર નથી. આપના



રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરી લખ્યું કે, હું કચરાથી ભરેલા ૩ ટ્રક સાથે કેજરીવાલના ઘરે પહોંચીશ. કેજરીવાલજી ડરશો નહીં, જનતાની સામે આવો અને જુઓ કે તમે દિલ્હીમાં કેવી સ્થિતિ બનાવી છે. સ્વાતિ માલીવાલે જણાવ્યું હતુ કે, આ વિરોધ કોઈ પક્ષ વિરુદ્ધ નથી. આજે દિલ્હીની હાલત ખૂબ જ ખરાબ છે. દિલ્હીનો દરેક ખૂણો ગંદો છે, રસ્તાઓ તૂટેલા છે અને ગટરો છલકાઈ ગઈ છે.





નવી દિલ્હીમાં ગાંધી સ્મૃતિ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહાત્મા ગાંધીની યાદમાં પ્રાર્થના સભામાં હાજર રહ્યા હતા.

### નીતિશ કુમારે ભાંગરો વાટ્યો

## નીતિશ મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ તાળી વગાડવા લાગ્યા

। (એજન્સી) પટના, તા.૩૦ ।

બિહારના સીએમ નીતિશ કુમારે ફરી એક વાર ભાંગરો વાટ્યો. મુખ્યમંત્રી નીતિશ કુમારનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયુ વેગે વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ મહાત્મા ગાંધીની પુણ્યતિથિ પર આયોજિત શ્રદ્ધાંજલિ સભામાં તાળી પાડી રહ્યા છે. આ ઘટના બિહારની રાજધાની પટનાના ગાંધી ઘાટ પર બની હતી, જ્યાં મુખ્યમંત્રી સહિત ઘણા નેતાઓ મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપવા આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મહાત્મા ગાંધીને યાદ કરતા બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.



મૌન પુરુ થતાં જ સીએમ નીતિશ કુમારે તાળી વગાડવા લાગ્યા. આના પર બિહાર વિધાનસભાના અધ્યક્ષ નંદ કિશોર યાદવે તાત્કાલિક તેમને રોક્યા. આ દ્રશ્ય ત્યાં હાજર લોકોએ પોતાના કેમેરામાં કેદ કરી લીધું છે. ત્યારબાદ હવે આ વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહ્યો છે. હવે આ આખો મામલો ચર્ચાનો વિષય બન્યો છે.

## તંત્રી લેખ...

# સુનીતા વિલિયમ્સને અંતરિક્ષમાંથી પાછા લાવશે એલન મસ્ક

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેક જાયન્ટ એલોન મસ્કના સ્પેસએક્સને નાસાના અવકાશયાત્રીઓ સુનીતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS)માંથી પાછા લાવવાનું કામ સોંપ્યું છે. ટ્રમ્પે બંનેને અવકાશમાં છોડવા માટે જો બિડેન પ્રશાસનને જવાબદાર ઠેરવ્યું છે. વિલિયમ્સ, ૫૯, અને વિલ્મોર, ૬૨, તેમના માત્ર ૧૦ દિવસના મિશનમાં જૂન ૨૦૨૪ માં ISS પર પહોંચ્યા અને હવે સાત મહિનાથી સ્પેસ સ્ટેશન પર અટવાયેલા છે. તેમના ટ્રૂથ સોશિયલ પ્લેટફોર્મ પરની એક પોસ્ટમાં, ટ્રમ્પે જણાવ્યું હતું કે તેમણે મસ્કને બે બહાદુર અવકાશયાત્રીઓને પાછા લાવવા કહ્યું હતું જેમને ખરેખર બિડેન વહીવટીતંત્ર દ્વારા અવકાશમાં છોડવામાં આવ્યા હતા. અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું કે 'તેઓ ઘણા મહિનાઓથી સ્પેસ સ્ટેશન પર રાહ જોઈ રહ્યા છે. એલન જલ્દી જ ત્યાં પહોંચી જશે. આશા છે કે તેઓ બધા સુરક્ષિત હશે. ઓલ ધ બેસ્ટ, એલન.' આ વિકાસની પુષ્ટિ કરતા, મસ્કએ ટ્વિટ કર્યું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે સ્પેસએક્સને શક્ય તેટલી વહેલી તકે અવકાશયાત્રીઓને ઘરે પાછા લાવવા કહ્યું છે. સ્પેસએક્સના સીઈઓએ કહ્યું, 'અમે આ કરીશું. તે ભયંકર છે કે બિડેન વહીવટીતંત્રે તેમને આટલા લાંબા સમય સુધી ત્યાં છોડી દીધા હતા.' જો કે, થ્રસ્ટરની ખામી અને હિલીયમ લીકને કારણે ૭ સપ્ટેમ્બરના રોજ નાસાને સ્ટારલાઈનર કેપ્સ્યુલ પરત કરવાની ફરજ પડી હતી અને બંને અવકાશયાત્રીઓને સ્ટેશન પર છોડી દીધા હતા. સપ્ટેમ્બરમાં, સ્પેસએક્સનું ચાર સીટનું ક્રૂ ડ્રેગન અવકાશયાન માત્ર બે અવકાશયાત્રીઓ સાથે લોન્ચ કરવામાં આવ્યું હતું. જેમાં વિલિયમ્સ અને વિલ્મોરની વાપસી માટે બે બેઠકો ખાલી રહી હતી. અવકાશયાત્રીઓ ફેબ્રુઆરીના અંતમાં પાછા ફરવાના હતા. જો કે, માર્ચના અંત સુધી ઉપાડ મોકૂફ રાખવામાં આવ્યો છે. જેથી સ્પેસએક્સને નવું સ્પેસક્રાફ્ટ સ્પેસએક્સ ક્રૂ-૧૦ તૈયાર કરવા માટે વધુ સમય મળી શકે. જેથી કરીને અન્ય ક્રૂને સ્પેસ સ્ટેશન પર લઈ જઈ શકાય. અવકાશમાં લાંબા સમય સુધી રહેવાને કારણે સુનિતા વિલિયમ્સની તબિયત અંગે ચિંતા વધી છે, કારણ કે તાજેતરના ફોટોગ્રાફ્સ દર્શાવે છે કે તેણે વજન ઘટાડ્યું છે. જો કે, તેણે ગયા વર્ષે નવેમ્બરમાં એક મુલાકાતમાં આ ચિંતાઓને ફગાવી દીધી હતી. વિલિયમ્સે કહ્યું, 'મને લાગે છે કે મારું શરીર થોડું બદલાઈ ગયું છે, પરંતુ મારું વજન એકસરખું છે.' જો વિલિયમ્સ અને વિલમોરને ખરેખર પાછા લાવવામાં આવે તો આ અવકાશયાત્રીઓ લગભગ ૩૦૦ દિવસ અવકાશમાં વિતાવ્યા હશે.



વિશેષ
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

# જીવનમાં પ્રાર્થનાનું મહત્વ

સામાન્ય શિરસ્તો એવો છે કે, આપણે કોઈ વ્યક્તિની પાસે કોઈ ચીજ કે વસ્તુ માંગવી હોય તો, આપણે તે વ્યક્તિની પાસે મૌખિક કે કે લેખિત દરખાસ્ત કરવી જ પડે છે. દા.ત.આપણે કોઈ સ્થળે નોકરી મેળવવી હોય તો સૌ પ્રથમ અરજી કરવી પડે છે, પછી આપણી લાયકાત અને અનુભવના આધારે રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવે છે અને ત્યાર પછી આપણી પસંદગી થયા બાદ જ તે નોકરીનો ઑર્ડર આપણાંને આપવામાં આવે છે. બીજું સરકારી ખાતામાંથી આપણે કોઈ નકલ કઢાવવી હોય તો જરૂરી ફી ભરી, નિયત કરેલા ફોર્મમાં વિગતો ભરી, સરકારી ખાતાને આપવામાં આવે છે અને ત્યાર પછી સરકારી અધિકારી, આપણને જોઈતાં કાગળોની નકલ કે માંગ્યા મુજબના દસ્તાવેજોની નકલ કાઢી આપે છે. આવી જ રીતે આપણે ભગવાન પાસે સુખ, સાહ્યબી, શાંતિ, વૈભવ, પૈસા ટકા કે અન્ય વસ્તુ માંગવાની અપેક્ષા રાખીયે છીએ, ત્યારે આપણાં મનની ઈચ્છાઓની દરખાસ્ત ભગવાન પાસે પહોંચાડવાનું માધ્યમ ફક્ત ને ફક્ત પ્રાર્થના જ છે. પ્રાર્થનાના માધ્યમ થકી આપણે ઈશ્વરની નજીક જઈ શકીએ છીએ. આપણી પ્રાર્થનામાં એક પ્રકારનો આર્તનાદ અને સચ્ચાઈ હશે તો, આપણી પ્રાર્થના જરૂરથી પ્રભુ પાસે પહોંચી શકે છે. પ્રાર્થના એટલે શું? પ્રાર્થના શા માટે કરવી જોઈએ?. પ્રાર્થનાના બીજા પર્યાય શબ્દો અભ્યર્થના, બંદગી તથા વંદના છે. પ્રાર્થના એટલે એક પ્રકારની અરજ, ગુજારિશ અને દીનભાવ એવો અર્થ કરી શકાય. પ્રાર્થના એટલે અંતઃકરણપૂર્વક ભગવાનની કરવામાં આવતી ભક્તિ. પ્રાર્થના એ અંતરનો આર્તનાદ છે. આપણી પ્રાર્થનામાં એક શક્તિ, વજુદ અને સચ્ચાઈ હોવાં જરૂરી છે, અને એમાં દિલનો ઉમળકો હોવો ખાસ જરૂરી છે. પ્રાર્થના એટલે પ્રભુનાં ગુણગાન,વખાણ, સ્તુતિ કે પ્રશંસા એથી વિશેષ કંઈ નહીં. જેમ આપણે આપણું શરીર ટકાવી રાખવા માટે જળ તથા આહારની જરૂર પડે છે, તેવીજ રીતે જીવનમાં આપણે જાણે અજાણે કરેલાં પાપોને ધોવા માટે ભક્તિરૂપી ભાથું બાંધવું પડે છે. આ ભક્તિરૂપી ભાથું બાંધવા માટે આપણે જપ, તપ, વ્રત, ઉપવાસ, એકટાણાં કે પ્રાર્થના વિગેરે કરીએ છીએ. આપણે જેમ ભવિષ્યનો વિચાર કરીને બેંકમાં નાણાં જમા કરાવીએ છીએ અને આપણને કોઈ સંકટ કે મુસીબત આવે ત્યારે, તે નાણાં મદદરૂપ થાય છે, એવીજ રીતે આપણે ભક્તિરૂપી ભાથું બાંધેલું હશે તો આપણાંથી ભુલમાં પણ કોઈ પાપ, અનર્થ કે ખોટું કાર્ય થઈ ગયું હોય તો તેની સામે રક્ષણ મળે છે. પ્રાર્થના એ એક સંદેશો છે, જેનાં થકી ભગવાનને ખબર પડે છે કે કોને શું જોઈએ છે. પ્રાર્થનાના માધ્યમ વગર પ્રભુ પાસે પહોંચવું શક્ય જ નથી. એવું નથી કે પ્રભુ પાસે કાંઈ માંગવા માટે જ આપણે પ્રાર્થના કરવી જોઈએ, પરંતુ આપણાં મન તથા મગજની શાંતિ માટે પણ પ્રાર્થના કરવી જરૂરી છે. પ્રાર્થના આપણાં દૈનિક જીવનમાં શાંતિ બક્ષે છે તથા મન અને મગજને એકચિત્ત કરે છે. હકીકતમાં પ્રાર્થના આપણાં દૈનિક જીવન સાથે વણાઈ ગઈ છે અને પ્રાર્થના વગર દિવસની શરૂઆત કરવી નકામી છે. દરેક શાળા, મહાશાળા કે અમુક સરકારી કચેરીઓમાં કામગીરી શરૂ કરતાં પહેલાં પ્રાર્થના બોલવાનો રિવાજ છે અને એનું કારણ એ છે કે પ્રાર્થનાથી આપણું મન શુદ્ધ થાય છે અને આખો દિવસ શાંતિમય રીતે પસાર થાય છે. વિદ્યાર્થીઓનાં પાઠ્યપુસ્તકોમાં પણ જુદી જુદી પ્રાર્થનાઓ છાપવામાં આવે છે અને આના ઉપરથી જ આપણને પ્રાર્થનાની મહત્તાનો ખ્યાલ આવે છે. ખરેખર પ્રાર્થના એ આપણાં સંસ્કાર અને સંસ્કૃતિનું પ્રતીક છે.

**સૌ પ્રથમ બ્રહ્મા એ દસ મહાવિદ્યા માંની માતા બગલામુખીની ઉપાસના કરી, અને સૃષ્ટિની રચના કરી**

# મહાનવરાત્રીને ગુપ્ત નવરાત્રિ શું કામ કહેવામાં આવે છે? અને એ દસ મહાવિદ્યા કંઈ છે?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આપણે રહ્યાં સંસારી એટલે આપણે ગુપ્ત સાધના ને નામે કંઈ જ કરી શકીએ નહીં! પણ આ સંસારનું પ્રતયેક બાળક સૌ પ્રથમ મા જગદંબાનું બાળક છે, અને માટે એણે તેને ચરણે જવા આવાં કોઈ વિશિષ્ટ મંત્રની જરૂર નથી, તે પોતાની કાલીઘેલી ભાષામાં જે કંઈ કહે એ મંત્ર જ છે, અને મા તેને જરૂરથી સાંભળે જ છે.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગઈકાલે ૩૦ જાન્યુઆરીથી મહા મહિનો શરૂ થયો, એટલે કે માઘ ગુપ્ત નવરાત્રિનો પ્રારંભ થયો. પણ આપણે ગાંધી નિર્વાણ દિન નિમિત્તે એમનાં અગિયાર મહાવ્રતની વાત કરી. સૌ પ્રથમ તો માઘ નવરાત્રી ને ગુપ્ત નવરાત્રિ શું કામ કહેવામાં આવે છે એ જોઈએ. શક્તિનાં બે ક્રમ બતાવ્યા છે. (૧) દુર્ગા ક્રમ કે જેમાં આપણે માતા પાર્વતીનાં નવદુર્ગા નાં નવ સ્વરૂપની ઉપાસના કરીએ છીએ, અથવા તો એને ત્રણ મુખ્ય દેવી તરીકે સ્વીકારીને મહાસરસ્વતી મહાલક્ષ્મી અને મહાકાલી તરીકે પૂજીએ છીએ. જ્યારે (૨) બીજાં ક્રમમાં દસ મહાવિદ્યા માં દસ દેવીની ઉપાસના છે, જે કેવળ ને કેવળ તંત્ર માર્ગની ઉપાસના પદ્ધતિ બતાવી છે, અને જે માત્ર ગુરુ દ્વારા દિક્ષા ગ્રહણ કરી ગુરુ એ આપેલ મંત્રની સાધના કરવામાં આવે છે. જેને વિષે કોઈને કહેવાનું હોતું નથી, નહીં તો એ સાધન ફોક સાબિત થાય છે. માટે માઘ નવરાત્રી ને ગુપ્ત નવરાત્રિ કહેવામાં આવે છે. તંત્ર માર્ગ શિવ દ્વારા સ્થાપિત થયેલ છે, અને એની માટે એક પૌરાણિક કથા પણ જોડાયેલી છે. જ્યારે સતી એ જાણ્યું કે પોતાના પિતા દક્ષ પ્રજાપતિ ખૂબ મોટો યજ્ઞ કરી રહ્યા છે, પણ ભગવાન શંકર એ કહ્યુ કે દેવી આપણને એ યજ્ઞમાં આવવાનું આમંત્રણ નથી, માટે હું ત્યાં જવાની અનુમતિ આપતો નથી, અને સતી એ વાત પર અત્યંત ક્રોધિત થઈ ગયાં, અને ભગવાન શંકર એમનો ક્રોધ જોઈ અદ્રશ્ય થઈ ગયાં, ત્યારે સતી દસ મહાવિદ્યા સ્વરૂપે દસે દિશામાં વ્યાપ્ત થયાં, અને દેવીનાં આ ક્રોધ ના શમન માટે શિવ એ તંત્ર માર્ગની સ્થાપના કરી. ભગવાન વિષ્ણુ ના હજાર નામ બરોબર એક શિવ નામ છે, અને શિવના હજાર નામ બરોબર શક્તિ નું એક નામ છે! એટલી પ્રંચડ અને પ્રબળ શક્તિ ધરાવે છે દેવી. કહેવાય છે કે જ્યારે આ સૃષ્ટિની રચના નહોતી થઈ, ત્યારે માત્ર ને માત્ર મા કાલીનું સામ્રાજ્ય હતું. સૌ પ્રથમ બ્રહ્મા એ દસ મહાવિદ્યા માંની માતા બગલામુખીની ઉપાસના કરી, અને સૃષ્ટિની રચના કરી. એમાં સરસ્વતીનો પ્રાદુર્ભાવ અને એની પર મોહિત થયાની કથા પણ છે. જેમાં પાછળ થી મનુ શતરુપા દ્વારા એક પછી એક એમ સૃષ્ટિ સર્જન થયું. તો માઘ નવરાત્રીએ આ દસ મહાવિદ્યાની ઉપાસના કરવામાં આવતી હોવાથી એને ગુપ્ત નવરાત્રિ કહેવામાં આવે છે. સતીનાં એ દસ સ્વરૂપોને દસ મહાવિદ્યા કહેવામાં આવે છે, પાછળથી એ સ્વરૂપો એ જ રાક્ષસોનો સંહાર કરીને સૌ દેવી દેવતા તથા ઋષિ મુનિઓને ચિંતા મુક્ત કર્યા હતા. દસ મહાવિદ્યા પણ આખરે તો આદ્યશક્તિના એ સ્વરૂપો છે, કે જેમને પૂર્ણપણે સિદ્ધ કર્યા બાદ સાધકને કોઈ કામના જ નથી રહેતી. વાસ્તવમાં તો મહાવિદ્યાની સાધનાનું અંતિમ લક્ષ્ય એ જ છે કે, સાધકનું આદિશક્તિ સાથે તાદાત્મ્ય થાય, તો એક નજર એ દસ મહાવિદ્યા પર પણ કરી લઈએ. (૧) માતા કાલીઃ દસ મહાવિદ્યાઓમાં માતા કાલીનું સ્થાન પ્રથમ છે. કહે છે કે સૃષ્ટિના ઉદ્ભવ પહેલાં માત્ર 'કાલી'નું જ સામ્રાજ્ય હતું. મહાકાળી જ સમસ્ત વિદ્યાઓની 'આદિવિદ્યા' છે. અને કાલીના જ સૌમ્ય તેમજ ઉગ્ર સ્વરૂપોમાં બાકીની મહાવિદ્યાઓ સમાવિષ્ટ છે. માતા કાલીની સાધના કરતા જ સાધકનો અહંકાર ઓગળી જાય છે. સિદ્ધિપ્રાપ્તિ માટે આ ખૂબ જ જરૂરી છે. (૨) દેવી તારાઃ દેવી તારા મૂળે તો 'પ્રલય'ની દેવી છે. જે પ્રલયકાળમાં ઝેરી વાયુથી વિશ્વનો સંહાર કરે છે. પરંતુ, જો તે રીઝી જાય તો જીવનની તમામ વિપત્તીઓનું શમન કરી દે છે. વિપદહારિણી તારા જ્ઞાન તેમજ સુખ-સંપત્તિની પ્રાપ્તિ કરાવે છે. (૩) દેવી છિન્નમસ્તાઃ પોતાની સહચરીઓની તૃષાને શાંત કરવા દેવીએ ખડગથી સ્વયંનું જ મસ્તક વાઢીને હાથમાં લીધું. અને તેમના ગરદનમાંથી નીકળેલી રક્ત ધારાનું સખીઓને પાન કરાવ્યું. મસ્તક કપાયેલું હોઈ દેવી છિન્નમસ્તાના નામે પ્રસિદ્ધ થયા. મૂળે તો દેવી છિન્નમસ્તા સંહારની દેવી છે. પણ, જો તે પ્રસન્ન થાય તો દરિદ્રતાનો નાશ કરી દે છે. એટલું જ નહીં, સંતાનની પ્રાપ્તિ પણ કરાવે છે. (૪)માતા ષોડશીઃ માતાનું આ રૂપ સૌથી સૌમ્ય, સૌથી દિવ્ય અને સૌથી ભવ્ય મનાય છે. તે સાધકને ભોગ અને મોક્ષ બંન્નેની પ્રાપ્તિ કરાવે છે. (૫) માતા ભુવનેશ્વરીઃ કહે છે કે ૮૪ લાખ યોનીમાં જેટલી પ્રજા છે તે સર્વેનું ભરણ-પોષણ દેવી ભુવનેશ્વરી જ કરે છે. સંસારની તમામ મહાવિદ્યાઓ અને સાત કરોડ મહામંત્ર ભુવનેશ્વરીની જ સેવામાં સંલગ્ન રહે છે. આ વિદ્યાની આરાધનાથી ધન, સંતાન, જ્ઞાન અને શક્તિની પ્રાપ્તિ થાય છે. (૬)માતા ત્રિપુર ભૈરવીઃ વાસ્તવમાં ભૈરવી જ મહાશિવની મહાશક્તિ છે. દેવી ભુવનેશ્વરી જે ત્રણ ભુવનની રક્ષા કરે છે તેનો જ ત્રિપુર ભૈરવી સમય આવ્યે નાશ કરે છે. સાધક જો તેને સિદ્ધ કરી લે તો ત્રિપુર ભૈરવી શત્રુઓનો પણ નાશ કરી દે છે. (૭) દેવી ધૂમાવતીઃ દેવી 'ધૂમાવતી'ને ભક્તો ધૂમાવતી પણ કહે છે. જો કે તંત્રસાધનામાં તેમનો ધૂમ્રાવતી તેમજ ધૃમાવતીના નામે ઉલ્લેખ છે. કારણ કે તેમના દેહમાંથી ધૂમ્રસેર નીકળતી જ રહે છે. દેવી ધૂમ્રાવતી કોઈના પણ સ્વામિત્વને સ્વીકારતા નથી. અને એટલે જ જે એકવાર તેમને પ્રસન્ન કરી લે છે તે જીવનની દરેક કામનાને સિદ્ધ કરી લે છે. (૮)માતા બગલામુખીઃ ભોગ અને મોક્ષ બંન્ને માટે બગલામુખીની આરાધના થાય છે. પૂર્વે દેવી બલ્ગામુખીના નામે પ્રસિદ્ધ હતાં. પરંતુ, અપભ્રંશ થઈ આજે બગલામુખી નામ પડ્યું છે. સંસારમાં સર્વપ્રથમ બ્રહ્માજીએ બગલામુખીની ઉપાસના કરી તેમની કૃપાને પ્રાપ્ત કરી હતી. મા બગલામુખીની સાધના સર્વ કાર્યમાં સફળતાની પ્રાપ્તિ કરાવે છે. (૯) માતા માતંગીઃ માતા માતંગી એ વિદ્યાની દેવી છે,અને મહાસરસ્વતી સ્વરૂપે પણ પૂજાય છે. કહે છે કે તે તો 'જડબુદ્ધિ'ને પણ વિદ્વાન બનાવી દે છે. માન્યતા અનુસાર જે સાધક એકવાર માતંગી વિદ્યાને સિદ્ધ કરી લે છે તેને વાદ-વિવાદમાં કોઈ જ હરાવી શકતું નથી. (૧૦) માતા કમલાઃ દેવી કમલાનું સ્વરૂપ એ વૈભવની પ્રાપ્તિ કરાવનારું મનાય છે. તંત્રશાસ્ત્ર અનુસાર દેવી કમલાની સાધનાથી ધનની, ધાન્યની અને કીર્તિની પ્રાપ્તિ થાય છે. આપણે રહ્યાં સંસારી એટલે આપણે ગુપ્ત સાધના ને નામે કંઈ જ કરી શકીએ નહીં! પણ આ સંસારનું પ્રતયેક બાળક સૌ પ્રથમ મા જગદંબાનું બાળક છે, અને માટે એણે તેને ચરણે જવા આવાં કોઈ વિશિષ્ટ મંત્રની જરૂર નથી, તે પોતાની કાલીઘેલી ભાષામાં જે કંઈ કહે એ મંત્ર જ છે, અને મા તેને જરૂરથી સાંભળે જ છે, એટલે આપણે આ તંત્ર મંત્રનાં અટપટા જ્ઞાનમાં ગયા વગર, સીધીસાદી રીતે જે કંઈ સ્તોત્ર આવડે એ ગાઈ કે બોલીને એને આરાધીએ તો પણ એ પ્રસન્ન જ થશે. વિદ્યા એટલે જ્ઞાન અને એટલે જ મહા મહિનામાં સરસ્વતીની આરાધનાનું મહત્વ છે, અને વસંત પંચમીએ સરસ્વતીનો પ્રાદુર્ભાવ થયો હોય એની વિશિષ્ટ પૂજાનું મહત્વ પણ છે. મંત્ર હોય કે તંત્ર! મૂળ વાત આંતર શુદ્ધિની છે, મનખો પવિત્ર હોવો જરૂરી છે. એટલે આપણે સૌ અંતરમાં વસતાં ગુપ્ત ભાવને શુદ્ધ અને પવિત્ર રાખી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.



**ભગવાન શ્રીકૃષ્ણ એ બહુ પરીમાણીય વ્યક્તિત્વનો ભંડાર છે. એક બાજુ તેઓ વંશીધર છે અને બીજી બાજુ તેઓ ચક્રધાર છે**

# માણસ નાખુશ રહે છે કારણ કે તે પોતાનું ઘર, શહેર, દેશ, મિત્રો, સંબંધો બધું જ બદલી નાખે છે પણ સ્વભાવ બદલી શક્તો નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**દરેક કાર્ય કરતા પહેલા તેના પરિણામો વિશે વિચારવું એ બુદ્ધિ શાળી લોકોની નિશાની છે, અને કાર્યપૂર્ણ થયા પછી પરિણામ વિશે વિચારવું મૂર્ખતા છે, સમજી વિચારીને અને શાંત ચિત્તે લીધેલા નિર્ણયો, સુંદરતાનો અભાવ પણ સારો સ્વભાવ સરભર કરે છે, પરંતુ જો સારા સ્વભાવની ઊણપ હોય તો તેને સુંદરતાથી ક્યારેય પુરી શકાતી નથી.**

આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સાધના મનને કાબૂમાં રાખવાની છે. જેનું મન નિયંત્રણમાં નથી તે લાચાર છે. શ્રીમદ ભગવદ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુન ને કહે છે કે આ મન ખૂબ ચંચળ છે, સ્વાર્થી સ્વભાવ ધરાવે છે, બળવાન અને બળવાન છે. તેથી તેને રોકવુંએ હવાને રોકવા જેવું છે. મન ક્યારેય સંતુષ્ટ થતું નથી કે એક ક્ષણ પણ મૌન રહેતું નથી. તે વંચિતતા અને દુઃખ તરફ વારંવાર ધ્યાન દોરતું રહે છે. થોડું ઓછું માન મળવાથી કોઈ પણ કારણ વગર અપમાનની લાગણી થાય છે. તે મન છે જે વ્યક્તિને માન અને અપમાનની જાણ કરે છે. વિક્ષેપ બીજે ક્યાંયથી આવતો નથી, તે અંદરથી આવે છે, તેનો જન્મદાતા મન છે. જેણે પોતાના મનમાં નિપુણતા મેળવી છે તે ઋષિ છે.આ મનને સતત અભ્યાસ દ્વારા નિયંત્રિત કરી શકાય છે. જે અંદર શાંત છે તેને બહાર પણ સર્વત્ર શાંતિ છે. સતત અભ્યાસ દ્વારા મનને કાબૂમાં રાખવાનો પ્રયાસ કરો કારણ કે જે મન ગુમાવે છે તે બધું ગુમાવે છે. ભગવાન શ્રીકૃષ્ણ એ બહુ પરીમાણીય વ્યક્તિત્વનો ભંડાર છે. એક બાજુ તેઓ વંશીધર છે અને બીજી બાજુ તેઓ ચક્રધાર છે, એક બાજુ તેઓ માખણ ચોર નારા છે અને બીજી બાજુ તેઓ બ્રહ્માંડને ખવડાવનારા છે.એક તરફ તે બનવારી છે અને બીજી બાજુ તે ગિરધારી છે, એક બાજુ તે રાધારમણ છે અને બીજીબાજુ તે રૂકમણીનું અપહરણ કરનાર છે. ક્યારેક શાંતિના દૂત, ક્યારેક ક્રાંતિ ના દૂત,ક્યારેક માતા યશોદાના પુત્ર તો ક્યારેક માતા દેવકીના પુત્ર. ક્યારેક યુદ્ધના મેદાનમાંથી ભાગી જવાની ક્રિયા, તો ક્યારેક હજાર માથાવાળા નાગના માથા પર નાચવાનું. નિર્ભયતાથી જીવન જીવવાનું નામ કૃષ્ણ છે. ભગવાન શ્રી કૃષ્ણએ જીવનને સંપૂર્ણ રીતે સ્વીકારવાનો પાઠ શીખવ્યો. શ્રી કૃષ્ણનું જીવન આપણને પરિસ્થિતિઓથી ભાગવાનું નહીં પરંતુ હિંમતભેર સામનો કરવાનું શીખવે છે. ભગવાન શ્રી કૃષ્ણ મહાન કર્મયોગી હતા, તેમણે અર્જુનને સમજાવ્યું કે હે અર્જુન! સંમત છું કે કામ થોડું દુઃખદાયક છે પણ કામ કર્યા વિના સુખ પ્રાપ્ત થઈ શકતું નથી. જો કોઈ ક્રિયાનો હેતુ શુદ્ધ અને શુભ હોય તો તે ક્રિયા સત્કર્મ બની જાય છે. જ્યારે પણ જીવ પ્રસન્ન થાય છે. ત્યારે જ જન્મ-મરણનો નાશ થાય છે. તમે સારા, ખરાબ, ઉમદા, દુષ્ટ, પાપી, પુણ્યશાળી અથવા તમે ગમે તે હો, ફક્ત તે ભગવાન તરીકે જીવો જો તમે તમારી નબળાઈઓ વિશે વધુ પડતું વિચારશો, તો તમે એક હીનતા સંકુલ વિકસાવશો અને જો તમે તમારા સારા કાર્યો અને ગુણો વિશે વધુ પડતી વાત કરશો, તો તમારામાં અહંકારી લાગણીનો વિકાસ થશે.વાસ્તવિકતા એ છે કે જીવમાં કોઈ શક્તિ નથી. જીવનમાં જે કંઈ પ્રાપ્ત થાય છે તે ભગવાનની કૃપાથી જ પ્રાપ્ત થાય છે. ગોવિંદની કૃપાથી જ વાસના, ક્રોધ અને કામુકતામાંથી મુક્ત થઈ શકે છે અને તેની કૃપાથી જ માયા પર વિજય પ્રાપ્ત થઈ શકે છે. જીવનમાં પ્રભુના ચરણો પ્રત્યેનો આપણો પ્રેમ સતત વધતો રહે,સંતોની વાતોમાં આપણો વિશ્વાસ વધે અને પ્રભુની કથાઓ પ્રત્યે આપણો પ્રેમ વધે તે માટે આપણે હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ. તમે પ્રભુનો સામનો કરવામાં મોડું કરો છો, તો તેને જેમ બને તેમ પ્રભુ પર છોડી દો. ભગવાન બધું સંભાળશે. એવા કામ ન કરો કે તમારે બીજાની નજરથી પડવું પડે કારણ કે પહાડ પરથી પડ્યા પછી તમે ફરી ઊભા થઈ શકો છો પણ આંખો માંથી પડ્યા પછી ઊઠવું આસાન નથી. જેમ મહેલ બનાવવામાં વર્ષો લાગે છે, પરંતુ તેને નષ્ટ કરવા માટે એક ક્ષણ પૂરતી છે.એ જ રીતે, ચારિત્ર્ય ઘડવામાં વર્ષો લાગે છે પણ પાત્રને ઘડવામાં માત્ર એક ક્ષણ લાગે છે. દરેક કાર્ય કરતા પહેલા તેના પરિણામો વિશે વિચારવું એ બુદ્ધિ શાળી લોકોની નિશાની છે. અને કાર્યપૂર્ણ થયા પછી પરિણામ વિશે વિચારવું મૂર્ખતા છે. સમજી વિચારીને અને શાંત ચિત્તે લીધેલા નિર્ણયો. સુંદરતાનો અભાવ પણ સારો સ્વભાવ સરભર કરે છે, પરંતુ જો સારા સ્વભાવની ઊણપ હોય તો તેને સુંદરતાથી ક્યારેય પુરી શકાતી નથી. ચહેરાની સુંદરતા પ્રકૃતિ પર નિર્ભર કરે છે પણ પ્રકૃતિની સુંદર તા તમારા વલણ પર આધારિત છે. જ્યારે ચહેરાની સુંદરતા માત્ર આંખોમાં પ્રતિબિંબિ ત થાય છે, ત્યારે પ્રકૃતિની સુંદરતા હૃદય સુધી પહોંચે છે. માણસ નાખુશ રહે છે કારણ કે તે પોતાનું ઘર,શહેર,દેશ,મિત્રો, સંબંધો બધું જ બદલી નાખે છે પણ સ્વભાવ બદલી શકતો નથી. જીવનનું સત્ય એ છે કે માણસ પોતાના સ્વભાવથી સુખી કે દુઃખી થાય છે. અને આજે છેલ્લે મને ગમેલી એક વાત અહી રજુ કરી લેખને વિરામ આપીએ ફરી આવતીકાલે મળીશું. જાપાનમાં એક ગુજરાતી બિઝનેસમેન પોતાનો ધંધો કરે. સારી આવક અને મોટુ ઘર હતુ. તેના ત્યાં ભોજન તૈયાર અને બાકીનું કાર્ય કરવા માટે જાપાની નોકરાણી આવતી હતી. થોડા દિવસ પછી જાપાની નોકરાણીએ ગુજરાતી બિઝનેસ મેનને કહ્યું સાહેબ આવતીકાલથી આ કાર્ય માટે કોઈ અન્યને શોધી લેશો,હું નહીં આવુ. પેલાએ પુછ્યું શું સમસ્યા છે, પગાર ઓછો છે!? ના પગાર ઓછો નથી પરંતુ તમે પ્લેટમાં ખુબ ભોજનનો બગાડ કરો છો. પણ એમાં તારે શુ? મારા પૈસા છે, હું તેને ગમે તે રીતે વાપરું, તને શું વાંધો હોય. હા સાહેબ પૈસા આપના જ છે પરંતુ અનાજ મારા દેશનું છે. આ રીતે તેનો બગાડ થતો હું નહીં જોઈ શકુ, હું નહીં કોઈ અન્ય પણ જોઈ નહી શકે. સચ્ચિદાનંદ આ ઉદાહરણ આપી ને લખે છે જે દેશની પ્રજા આવુ વિચારી શકે તે દેશ જ મહાન થઈ શકે. આપણે ત્યાં ભોજનનો બહુ બગાડ થાય છે. ભાવનગરની એક હોટેલમાં ગુજરાતી અનલિમિટિડ થાળીનું ભોજન લઈ રહ્યા હતા ત્યારે લોકલ લોકો થાળીમાં જરુર કરતાં વધારે પીરસવાનું કહેતા હતા. બુફે સિસ્ટમ એટલા માટે આવી કે તમારે જેટલું ભોજન જમવું હોય તેટલું લો. પરંતુ આપણે એટલુ બધુ ભોજન લઈએ છીએ કે તેનો બગાડ થાય છે. એનો અફસોસ પણ ચહેરા પર દેખાતો નથી. વાત ઓછું ભોજન લેવાની નથી, પરંતુ ભલે ત્રણવાર ભોજન લઈ આવો, પરંતુ બગાડ ના થાય તેનું ધ્યાન રાખીએ એમા માત્ર ભોજન દાતા જ નહીં પરંતુ રાષ્ટ્રનું હિત પણ સમાયેલું છે. સ્વામી સચ્ચિદાનંદજી વાચક ચાહક મિત્રો, લગ્નસરાની મોસમ ધીમેધીમે જામી રહી છે. મહા કુંભમાં ભારે ભીડ ઉમટી છે ત્રીજું સ્નાન પૂરું થયું હવે વસંત પંચમીએ ચોથું શાહી સ્નાન થશે વાતાવરણમાં હળવી ઠંડીગરમીનો અનુભવ શરૂ થઈ ગયો છે. માવઠાની આગાહી છે ત્યારે સદા શિવ દેવાધિદેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.



# એમના પડકારોએ મને બગાડી નાખી છે: સમંથા

## સમંથાએ રાજ એન્ડ ડીકે સાથેના અનુભવો જણાવ્યા



સમંથા રુથ પ્રભુ હાલ એકથી વધારે પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. સાથે તે એક્ટિંગ અને પ્રોડ્યુસરની જવાબદારીઓ વચ્ચે પણ તાલમેલ જાળવી રહી છે. સાથે તે ચેન્નઈ પિકલબોલ ટીમની પણ માલિક છે. આ ટીમ પણ વર્લ્ડ પિકલબોલ લીગમાં ભાગ લઈ રહી છે. છતાં તે શાંતિપૂર્વક આ જવાબદારીઓ નીભાવી રહી છે. તાજેતરમાં તે તેની ટીમની જર્સી લૉંચ ઈવેન્ટમાં ચેન્નઈની સત્યભામા યુનિવર્સિટીમાં હાજર રહી હતી. ત્યારે તેણે આ ટીમ ખરીદવા અંગે પણ વાત કરી હતી. સાથે તેણે રાજ એન્ડ ડીકે સાથે 'ધ ફેમિલી મૅન ૨' અને 'સિટાડેલ-હની બની' પછી હવે 'રક્તબ્રમાંડ'માં પણ કામ કરવાના અનુભવ વિશે વાત કરી હતી. સમંથાએ ઘણા લાંબા સમયથી તમિલ ફિલ્મોમાં કામ કર્યું નથી, છેલ્લે તેણે કન્નડા ફિલ્મ 'કાથુવાકુલા રેંડુ'માં વિજય સેતુપતિ સાથે કામ કર્યું હતું. આ અંગે સમંથાએ કહ્યું, ''સાચી વાત. મને સમજાયું છે કે એકથી વધુ ફિલ્મમાં કામ કરવાનું સહેલું છે. પરંતુ આજે હું મારા જીવનના એવા તબક્કામાં છું, કે દરેક ફિલ્મ છેલ્લી ફિલ્મ હોય એવું જ લાગે છે. જો હું ફિલ્મમાં ૧૦૦ ટકા ન માનતી હોય તો હું એ કરી જ શકતી નથી. તેથી હું રાહ જોઉં છું. મારી વાત માનો, કોઈનાથી પણ વધારે રાહ જોઉં છું. હું એ અદ્દભુત ક્ષણની રાહ જોઉઁ છું. હું કોઈને નિઃરાશ કરવા માગતી નથી કે હું ખોટી પસંદગીનો પસ્તાવો કરવા માગતી નથી.'' જ્યારે રાજ એન્ડ ડિકે સાથે કામ કરવાના અનુભવ અંગે તેમજ હવે ત્રીજી વખત રક્ત બ્રહ્માંડમાં વધુ એક વખત તેમની સાથે કામ કરવા અંગે સમંથાએ કહ્યું, ''મને લાગે છે કે ફેમિલી મેનમાં હું કશુંક એવું કરી શકી કે જે મેં પહેલાં ક્યારેય કર્યું નહોતું. ફરી સિટાડેલ હની બનીમાં, મેં ફરી કશુંક એવું કર્યું જે મેં પહેલાં કર્યું નહોતું. ફરી રક્ત બ્રહ્માંડમાં મારી સામે વધુ પડકારો છે. રાજ અને ડીકેએ મને સારા કારણથી બગાડી નાખી છે. એમણે જ મને વધુ અને વધુ પડકારોનો સામનો કરવા પ્રેરિત કરી છે. હું દરરોજ કામ પર જાઉં છું ત્યારે એક કલાકાર તરીકે મને બહુ સંતોષ થાય છે. હું દુનિયાને કશુંક વધારે આપી શકું છું. જો મને રોજ એવો અનુભવ ન થાય તો મને કામ પર જવાનું મન થતું નથી.''




**સમંથાએ ઘણા લાંબા સમયથી તમિલ ફિલ્મોમાં કામ કર્યું નથી, છેલ્લે તેણે કન્નડા ફિલ્મ 'કાથુવાકુલા રેંડુ'માં વિજય સેતુપતિ સાથે કામ કર્યું હતું**

### વિવાદ બાદ ફિલ્મના ડિરેક્ટરની સીન દૂર કરાયો હોવાની જાહેરાત

# છાવામાંથી લેઝીમ ડાન્સનો સીન દૂર કર્યો

ઐતિહાસિક વિષય પર ફિલ્મ બને અને તેમાં કોઈ વિવાદ ન સર્જાય તો જ નવાઈની વાત છે. તાજેતરમાં ફિલ્મનું ટ્રેલર લૉંચ કરવામાં આવ્યું હતું, જેમાં છાવા વિકી કૌશલ અને રશ્મિકા મંદાના એક સીનમાં મહારાષ્ટ્રનો જાણીતો લેઝિમ ડાન્સ કરતાં દેખાય છે. આ સીન અંગે વિવાદ સર્જાયો હતો, કેટલાંક રાજકારણીઓએ આ સીન દૂર ન થાય તો ફિલ્મ પર મહારાષ્ટ્રમાં પ્રતિબંધ મુકવાની પણ વાત કરવામાં આવી હતી. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ આ અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું, ''છત્રપતિ સંભાજી મહારાજનો ઈતિહાસ યોગ્ય રીતે દર્શાવવો જોઈએ. ઈતિહાસમાં છેડછાડ કરવી યોગ્ય નથી. કારણ કે સંભાજી મહારાજ પ્રત્યે બધાને ઘણું સન્માન અને પ્રેમ છે. આ પ્રેમ અને સન્માનને ઠેસ પહોંચવી જોઈએ નહીં. ફિલ્મમાં સર્જનાત્મકતા ચોક્કસ હોવી જોઈએ પણ તેની સાથે સંવેદનશીલતા પણ હોવી જોઈએ.'' તેમજ સંભાજી મહારાજના વારસદાર અને રાજ્યસભાના એમપી સંભાજીરાજે છત્રપતિએ પણ રિલીઝ પહેલાં ફિલ્મ જોવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમજ ફિલ્મ સાથે જોડાયેલા ઈતિહાસકારો સાથે વિચાર વિમર્ષની પણ ઈચ્છા વ્યક્ત કરી હતી.હવે આ સીન ફિલ્મમાંથી દૂર કરાયો છે. આ અંગે ફિલ્મના ડિરેક્ટર લક્ષ્મણ ઉટેકરે કન્ફર્મ કર્યું છે. મહારાષ્ટ્રની એમએનએસ પાર્ટીના પ્રમુખ રાજ ઠાકરે સાથે લક્ષ્મણ ઉટેકરની મીટિંગ બાદ તેમણે આ નિવેદન આપ્યું હતું. ઉટેકરે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે આ માત્ર એક ડાન્સનો સીન છે, મારાઠા રાજાના વારસાથી વિશેષ કશું જ નથી. આ ફિલ્મમાં વિકી કૌશલ જાણીતા મરાઠા રાજા છત્રપતિ સંભાજીનો રોલ કરે છે. નિવેદનમાં ઉટેકરે કહ્યું, ''હું રાજ ઠાકરને મળ્યો. એ એક ઉમદા વાચક અને એક અભ્યાસુ વ્યક્તિ છે. તેથી મેં તેમના કેટલાંક સૂચનો અને માર્ગદર્શન લીધાં છે. હું કહી શકું છું કે તેમના શબ્દો મવે ઘણા ઉપયોગી થયા છે. તેમને મળ્યા પછી મેં સંભાજી મહારાજ જેમાં લેઝીમ ડાન્સ કરે છે, તે દૃશ્ય કાઢી નાખ્યા છે. લેઝીમ ડાન્સ એ કોઈ મોટી વાત નથી. લેઝીમ ડાન્સ કરતાં સંભાજી મહારાજ ઘણા મોટાં છે. તેથી અમે આ સીન ફિલ્મમાંથી દૂર કરી દઈશું.''લેખક શિવાજી સાવંતના પુસ્તક છાવા પરથી આ ફિલ્મ બની રહી છે, જેમાં સંભાજી મહારાજની વીરતા અને છત્રપતિ બન્યા પછીના તેમના સામ્રાજ્યની વાત છે. લક્ષ્મણ ઉટેકરે એક ૨૦ વર્ષના છોકરા તરીકે સંભાજીની કલ્પના કરીને આ ફિલ્મની વાર્તા શરૂ કરી છે. આ અંગે લક્ષ્મણ ઉટેકરે કહ્યું, ''જ્યારે સંભાજી મહારાજે બરહાનપુરમાં હુમલો કર્યો ત્યારે સંભાજી મહારાજની ઉંમર માત્ર ૨૦ વર્ષની હતી. અમે શિવાજી સાવંતની બૂક છાવાના અધિકાર મેળવ્યા છે, જેમાં સંભાજી મહારાજ હોળીના તહેવારમાં ભાગ લે છે. એ હોળીકા દહનમાંથી નાળિયેર કાઢે છે. તેથી અમે ૨૦ વર્ષના સંભાજી મહારાજની કલ્પના કરી છે. તેથી તેમણે લેઝીમ ડાન્સ કર્યો હોય તે સ્વાભાવિક છે. કેમ નહીં? લેઝીમ મહારાષ્ટ્રની સંસ્કૃતિનો ભાગ છે. આ આપણું પરંપરાગત નૃત્ય છે. પરંતુ આ ડાન્સથી કોઈની લાગણી દુભાઈ હોય તો અમે તે દૂર કરીશું. ડાન્સ તેમનાથી મોટો નથી.'' મહારાષ્ટ્રના કેટલાક રાજકારણીઓએ રિલીઝ પહેલાં આ ફિલ્મ ઈતિહાસકારોને બતાવવાનો આગ્રહ કર્યો હતો. આ અંગે ઉટેકરે કહ્યું, ''અમે ૨૯ જાન્યુઆરીએ એક ખાસ પ્રીમિયર શોનું આયોજન કર્યું છે. કેટલાંક ઈતિહાસકારો અને ઈતિહાસના અભ્યાસુઓ પણ તેમાં હાજરી આપશે.






**ઉટેકરે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે આ માત્ર એક ડાન્સનો સીન છે, મરાઠા રાજાના વારસાથી વિશેષ કશું નથી**

### અલ્લુ અર્જુનની ફિલ્મ ત્રણ કલાક અને ૪૬ મિનિટ લાંબી રહેશે

# ફિલ્મ પુષ્પા-૨ ના ડિજિટલ વર્ઝનનો રન ટાઈમ ફાઇનલ કરવામાં આવ્યો

**બ્લોકબસ્ટર હિટ ફિલ્મ પુષ્પા ૨ એ બોક્સ ઓફિસ પર રેકોર્ડ બ્રેક કમાણી કરી હતી, નિર્માતાઓ ફિલ્મના ડિજિટલ સંસ્કરણમાં થિયેટર રિલીઝના વધારાના ફૂટેજ પણ ઉમેરવા જઈ રહ્યા છે**

અલ્લુ અર્જુનની ફિલ્મ પુષ્પા ૨ ઓટીટી પર રિલીઝ થવા માટે તૈયાર છે. ફિલ્મના ડિજિટલ વર્ઝનનો અંતિમ રનટાઈમ પણ જાહેર કરવામાં આવ્યો છે. અલ્લુ અર્જુનની બ્લોકબસ્ટર હિટ ફિલ્મ પુષ્પા ૨ એ બોક્સ ઓફિસ પર રેકોર્ડ બ્રેક કમાણી કરી. સિનેમાઘરોમાં ધૂમ મચાવ્યા બાદ, આ ફિલ્મ હવે ઓટીટી પર રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મના ઓટીટી રિલીઝને લઈને ચાહકો ખૂબ જ ઉત્સાહિત છે. પુષ્પા ૨ નેટફ્લિક્સ પર રિલીઝ થશે. આ ફિલ્મ ૩૦ જાન્યુઆરીએ સ્ટ્રીમ થશે. જોકે, ફિલ્મના હિન્દી વર્ઝન અંગે એવા અહેવાલો છે કે ચાહકોને વધુ રાહ જોવી પડી શકે છે. હિન્દી વર્ઝનના ઓટીટી રિલીઝમાં થોડો વધુ સમય લાગી શકે છે. નિર્માતાઓ ફિલ્મના ડિજિટલ સંસ્કરણમાં થિયેટર રિલીઝના વધારાના ફૂટેજ પણ ઉમેરવા જઈ રહ્યા છે. હવે ફિલ્મના ડિજિટલ વર્ઝનનો રન ટાઈમ પણ જાહેર થઈ ગયો છેઓટીટી પ્લેના રિપોર્ટ અનુસાર, ફિલ્મના ડિજિટલ વર્ઝનનો રન ટાઈમ ત્રણ કલાક અને ૪૬ મિનિટનો રહેશે. ફિલ્મનો સમયગાળો થોડો લાંબો થવાનો છે. હવે જોવાનું એ રહે છે કે ચાહકો ફિલ્મના વિસ્તૃત સંસ્કરણને કેવી પ્રતિક્રિયા આપે છે.ફિલ્મની વાત કરીએ તો, અલ્લુ અર્જુન મુખ્ય ભૂમિકામાં છે. રશ્મિકા મંદાન્ના મહિલા મુખ્ય ભૂમિકામાં છે; અભિનેતા ફહાદ ફાસિલ પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળે છે. આ ફિલ્મ ચાહકોને ખૂબ જ પસંદ આવી હતી. સુકુમારે આ ફિલ્મનું દિગ્દર્શન કર્યું હતું. ફિલ્મમાં અલ્લુ અર્જુનનો સ્વેગ જોવા લાયક છે. ફિલ્મમાં બતાવવામાં આવ્યું છે કે પુષ્પા રાજ (અલ્લુ અર્જુન) તેની પત્નીની ઈચ્છા પૂરી કરવા માટે સંપૂર્ણ શક્તિ બદલી નાખે છે. પુષ્પા ૨ ના બોક્સ ઓફિસ કલેક્શનની વાત કરીએ તો, આ ફિલ્મે વિશ્વભરમાં ૧૮૪૦ કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન કર્યું છે. આ અલ્લુ અર્જુનના કરિયરની રેકોર્ડ બ્રેક ફિલ્મ છે. પુષ્પાનો પહેલો ભાગ પણ ચાહકોને ખૂબ ગમ્યો હતો. આ ફિલ્મમાં પણ અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાન્ના મુખ્ય ભૂમિકામાં હતા.




# શ્રીદેવીની તો વાત જ નિરાળી છે, રૂબરૂ જોવા જજ સમન્સ મોકલતા

## શ્રીદેવીએ અચાનક આ દુનિયાને કાયમ માટે અલવિદા કહી દીધું હતું



બોલિવૂડમાં ઘણી એવી અભિનેત્રીઓ છે જેમની સુંદરતા દર્શકોને મંત્રમુગ્ધ કરી દે છે. પરંતુ આ બધી અભિનેત્રીઓમાં એક સુપરસ્ટાર એવી હતી જેણે પોતાના અભિનય, જીવંતતા અને સુંદરતાથી લોકોના દિલ પર રાજ કર્યું. ન્યાયાધીશો પણ આ સુંદરતા માટે દિવાના હતા. દરેક વ્યક્તિ આ અત્યંત સુંદર અભિનેત્રીના ચાહક હતા. આ અભિનેત્રી તેની માસૂમિયત અને સુંદરતાને કારણે ખૂબ ચર્ચામાં રહી હતી. ચાહકો આ અભિનેત્રીની એક ઝલક મેળવવા માટે ઉત્સુક હતા. અહી જે સુપરસ્ટાર વિશે વાત કરી રહ્યા છીએ તે બીજું કોઈ નહીં પણ શ્રીદેવી હતી. ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ, શ્રીદેવીએ અચાનક આ દુનિયાને કાયમ માટે અલવિદા કહી દીધું હતું, સ્વર્ગસ્થ સુપરસ્ટારનું ચુંબકીય આકર્ષણ રૂપેરી પડદાની બહાર પણ ફેલાયેલું હતું. દક્ષિણથી લઈને બોલિવૂડ સુધી, ફક્ત શ્રીદેવી જ પ્રખ્યાત હતી. હાઈ-પ્રોફાઈલ કેસોમાં બોલિવૂડની ઘણી હસ્તીઓનું પ્રતિનિધિત્વ કરવા માટે જાણીતા વકીલ મેમણે શ્રીદેવી સાથે જોડાયેલી એક રસપ્રદ વાત શેર કરી. તેમણે કહ્યું કે સામાન્ય લોકો જ નહીં પરંતુ કોર્ટના ન્યાયાધીશો પણ શ્રીદેવીની એક ઝલક જોવા માટે ખૂબ જ ઉત્સાહિત હતા.તેમણે ખુલાસો કર્યો કે એક મેજિસ્ટ્રેટે તેમને વ્યક્તિગત રીતે મળવા માટે બોલાવ્યા હતા.તેમણે જણાવ્યું કે જ્યારે શ્રીદેવી કોર્ટમાં પહોંચી ત્યારે તેમની એક ઝલક જોવા માટે મોટી ભીડ એકઠી થઈ ગઈ હતી. મેમણે આ રસપ્રદ ઘટનાનું વર્ણન તેમની આત્મકથા ''માય મેમોઈર્સ''માં કર્યું છે. માજિદ મેમણે કહ્યું, ''એકવાર, હું એક કેસમાં શ્રીદેવીનું પ્રતિનિધિત્વ કરી રહ્યો હતો. તે સમયે તે ઉદ્યોગમાં ટોચ પર હતી. લોકો તેમની એક ઝલક મેળવવા માટે ઉન્મત્ત હતા, મેજિસ્ટ્રેટ પણ તેમને જોવા માટે ખૂબ ઉત્સુક હતા. મેં મુક્તિ માટે અરજી કરી, પણ તે મંજૂર ન થઈ. ન્યાયાધીશે મને મારા ક્લાયન્ટને કોર્ટમાં બોલાવવા કહ્યું કારણ કે તે શ્રીદેવીને જોવા માંગતો હતો. છેવટે, જ્યારે તે કોર્ટમાં આવી, ત્યારે તેને જોવા માટે ઉમટી પડેલી ભીડ બેકાબૂ થઈ ગઈ.

# હું ક્યારેય પરિવાર સાથે કામ નહી કરું: શાહિદ કપૂર



શાહિદ કપૂરે કહ્યું કે તે તેના પરિવાર સાથે કામ નહીં કરે. શાહિદ કપૂર બોલિવૂડના સૌથી પ્રતિભાશાળી કલાકારોમાંના એક છે. આ દિવસોમાં તે તેની આગામી ફિલ્મ દેવાને કારણે સમાચારમાં છે. કલાકારોના પરિવાર સાથે સંબંધ રાખનારા શાહિદ કપૂરે તેના પિતા પંકજ કપૂર સાથે મૌસમ અને જર્સી જેવી ફિલ્મોમાં પણ કામ કર્યું છે. પરંતુ અભિનેતા હવે તેના પરિવાર સાથે કામ કરવા માંગતો નથી. શાહિદે આનું એક આશ્ચર્યજનક કારણ જણાવ્યું છે. તાજેતરમાં, શાહિદે કહ્યું, ''હું મારા પરિવાર સાથે કામ કરતો નથી. પરિવાર અને કામ અલગથી સંભાળવા જોઈએ. જો તેઓ ભેગા થાય, તો તે જટિલ બની જાય છે. હું તેની સાથે કામ કરવા માંગતો નથી કારણ કે જો હું કંઈ કહીશ તો તેની લાગણીઓને ઠેસ પહોંચશે. તેથી તેને સાફ રાખવું વધુ સારું છે.શાહિદ અને મીરા ઘણી જાહેરાતોમાં સાથે દેખાયા છે, પણ મીરાએ પોતાની વ્યવસાયિક કુશળતા અને કુદરતી આકર્ષણ દ્વારા બોલિવૂડમાં પોતાનું નામ બનાવ્યું છે; તેણે ક્યારેય અભિનય કરવાની કોઈ ઈચ્છા વ્યક્ત કરી નથી.આ જ વાતચીતમાં શાહિદે જણાવ્યું કે કેવી રીતે તેની માતા નીલિમા અઝીમ અને પત્ની મીરા રાજપૂત હંમેશા તેના કામ પર પ્રામાણિક પ્રતિક્રિયા આપે છે. શાહિદે કહ્યું, ''તમારા જીવનમાં હંમેશા એવી સ્ત્રીઓ હોય છે જે તમને કહે છે કે તમે કેટલા સારા કે ખરાબ છો અને તેઓ તેના વિશે ખૂબ જ સ્પષ્ટ હોય છે. મારી પત્ની અને માતા બે એવી વ્યક્તિઓ છે જેમને હું ખૂબ સાંભળું છું. મને તેમના પર વિશ્વાસ છે, જો તેઓ કંઈક એવું કહે જે સારું ન લાગે, તો હું જાણું છું કે તેઓ એવું કહી રહ્યા છે કારણ કે મારે તે સાંભળવાની જરૂર છે.શાહિદ કપૂરે ૨૦૧૫ માં મીરા રાજપૂત સાથે લગ્ન કર્યા હતા. શાહિદને પહેલી જ મુલાકાતમાં મીરા ગમી ગઈ હતી, પણ મીરાને લગ્ન માટે સંમત થવામાં લગભગ છ મહિના લાગ્યા. ૧૩ વર્ષનો ઉંમર તફાવત હોવા છતાં, આ દંપતી સુખી લગ્ન જીવનનો આનંદ માણી રહ્યું છે. મીરાએ ૨૦૧૬ માં તેની પહેલી પુત્રી મીશાનું સ્વાગત કર્યું અને ૨૦૧૮ માં તેના પુત્ર ઝૈનનો જન્મ થયો.શાહિદ કપૂર વર્ક ળન્ટવર્કળન્ટની વાત કરીએ તો, શાહિદ કપૂર તેની આગામી ફિલ્મ 'દેવા'માં પોલીસ કર્મચારીની ભૂમિકા ભજવી રહ્યો છે. આ ફિલ્મમાં પૂજા હેગડે, પાવેલ ગુલાટી, પ્રવેશ રાણા અને કુબ્રા સૈત પણ છે. રોશન એન્ડ્રુઝ દ્વારા દિગ્દર્શિત અને સિદ્ધાર્થ રોય કપૂર અને ઉમેશ કેઆર બંસલ દ્વારા નિર્મિત, દેવા ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે.



**શાહિદે કહ્યું, હું મારા પરિવાર સાથે કામ કરતો નથી, પરિવાર અને કામ અલગથી સંભાળવા જોઈએ**

### અત્યાર સુધી તે પોલીસ કસ્ટડીમાં હતો

# સૈફ હુમલાના આરોપીને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપ્યો

બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાનના ઘરમાં ઘુસીને તેના પર ચાકુથી હુમલો કરનાર બાંગ્લાદેશી આરોપી શરીફૂલને કોર્ટ તરફથી કોઈ રાહત મળી નથી. બાન્દ્રા કોર્ટે તેને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપ્યો છે. અત્યાર સુધી તે પોલીસ કસ્ટડીમાં હતો.આરોપી શરીફૂલ ઈસ્લામનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટે જણાવ્યું હતું કે તપાસ માટે પોલીસ કસ્ટડી આપવાનું કોઈ કારણ નહીં હોવાથી આરોપીને ૧૪ દિવસની ન્યાયિક હિરાસતમાં મોકલવામાં આવ્યો છે.આરોપી શરીફૂલની પોલીસ કસ્ટડીનો સમયગાળો પૂરો થઈ રહ્યો હોવાથી તેને બાન્દ્રા મેજિસ્ટ્રેટ કોર્ટમાં કજૂ કરવામાં આવ્યો હતો. પોલીસે જોકે, તેની કસ્ટડી વધુ બે દિવસ લંબાવવાની માગ કરી હતી, પણ કોર્ટે નોંધ્યું હતું કે આરોપી દસ દિવસથી પોલીસ કસ્ટડીમાં હતો અને તપાસ હવે પૂરી થઈ ગઈ છે. તેને હવે પોલીસ કસ્ટડીમાં રાખવાનું કોઈ નવું કારણ નથી. જો કોઈ નવું કારણ જાણવા મળશે ત્યારે પોલીસ તેની ફરીથી કસ્ટડી લઈ શકે છે.પોલીસે જણાવ્યું છે કે સૈફ અલી ખાન પર થયેલા હુમલાના કેસમાં થાણેથી પકડાયેલા બાંગ્લાદેશી આરોપીનું નામ મોહમ્મદ શરીફૂલ ઈસ્લામ શેહઝાદ છે. ગેરકાયદે ભારતમાં ઘુસ્યા બાદ તેણે તેનું નામ બદલીને બિજોયદાસ રાખ્યું હતું. તેણે ૧૬ જાન્યુઆરીની રાતે બાન્દ્રા ખાતે આવેલા સૈફ અલી ખાનના ૧૨મા માળના એપાર્ટમેન્ટમાં ઘુસી સૈફ પર છરી વડે એટેક કર્યો હતો. તેના હુમલામાં સૈફ ઘાયલ થયો હતો અને તેને બાન્દ્રાની લીલાવતી હૉસ્પિટલમાં દાખલ થવું પડ્યું હતું. જ્યાં તેની ઈમરજન્સી સર્જરી થઈ હતી અને પાંચ દિવસ બાદ તેને રજા આપવામાં આવી હતી.



# ઝાલોદ નગરપાલિકામા ચૂંટણી સંદર્ભે પક્ષ પલટાના એંધાણ

## પાર્ટીના બેનર પર ટિકિટ નહીં મળે તો પક્ષ પલ્ટો અથવા પાર્ટી પણ બદલી શકે છે ઉમેદવારો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

ઝાલોદ નગરપાલિકાની ચૂંટણી નજીક આવતા દરરોજ ચૂંટણી સંદર્ભે નવી ચર્ચાઓ નગરમાં ઓટલા બેઠક, ચાય પે ચર્ચા દરમ્યાન થતી જોવા મળે છે. ભાજપ પાર્ટી દ્વારા બે ચૂંટણી લડેલ વ્યક્તિને ટિકિટ ન આપી નવા વ્યક્તિને ચૂંટણી ટિકિટ આપવામાં આવનાર છે તેવી લોક ચર્ચાએ નગરમાં જોર પકડી રહેલ છે. જો નગરમાં ચાલતી ચર્ચાઓ પ્રમાણે પાર્ટી આ સિદ્ધાંત ને અનુસરે તો બે ટર્મ થી સતત જીતતા ઉમેદવારોને ટિકિટ નહીં આપે તો આવા ઉમેદવારો અપક્ષમા અથવા પક્ષ પલ્ટો કરીને પણ ચૂંટણી લડવાના સોગઠાં ગોઠવી રહેલ છે તેમજ વર્ષો થી પાર્ટી સાથે વફાદાર રહેલ સદસ્યો જેઓને પાર્ટી એ કદી પણ ચૂંટણી લડવા ટિકિટ નથી આપી તો તેવા ઉમેદવારો પણ બળવો કરીને પક્ષ પલ્ટો કરીને ચૂંટણી લડશે તે રીતે સહુ ચૂંટણી લડતા ઉમેદવારો પોતાની તૈયારીઓ પૂર જોશમાં કરી રહેલ છે. બીજી બાજુ અમુક વોર્ડમા પાર્ટીના અપક્ષ ચૂંટણી લડી જીતેલા ઉમેદવારોને પાર્ટી દ્વારા પક્ષના સિમ્બોલ પર ચૂંટણી લડવા દબાણ કરવામાં આવી રહેલ છે. નગરમાં હાલ તો ચૂંટણીનો માહોલ પૂરજોશમાં જામ્યો છે. અલગ અલગ વિસ્તારોમાંથી લડતાં ઉમેદવારો વોર્ડ પ્રમાણે આગેવાનો સાથે મળી ચૂંટણી સંદર્ભે જીતવાના સોગઠાં ગોઠવી રહેલ છે.

હાલ નગરમાં ચૂંટણીનો માહોલ જામી રહેલ છે તેમજ વોર્ડ પ્રમાણે અમુક વિસ્તારના મતદારોનું એવું માનવું છે કે જો વોર્ડ સિવાય આયાતી ઉમેદવારોને જો ચૂંટણી લડશે તો તેવા ઉમેદવારોને મતદારો જાકારો આપશે તેમજ જે પણ સેવાભાવી ઉમેદવારો ચૂંટણી લડવા જેટલી જોરશોરથી તૈયારી કરી રહેલ છે તેવી જ રીતે નગરના વિકાસ તેમજ નગરની સમસ્યાઓ પણ ચૂંટણી જીત્યા પછી પૂરી કરે. મતદારો કોને વોટ આપશે તે હાલ કલ્પી શકાતું નથી પણ નગરના દરેક કાર્યોમાં સતત નગરની સાથે રહ્યા હોય તેવા ઉમેદવારને મતદારો ચૂંટણી જીતાડશે તેમ મતદાતાઓનુ માનવુ છે. હાલ તો રોજ બદલાતા સમીકરણો વચ્ચે નગરમાં ચૂંટણીનો માહોલ જામી રહેલ જોવા મળે છે.

# શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં C.W.D.C અંતર્ગત ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં C.W.D.C અંતર્ગત ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. એ.આર.મોદીએ મહિલાઓની સલામતી અને જાગૃતિ માટે શૈક્ષણિક સંકુલમાં C.W.D.C કાર્યરત હોવાનું જણાવ્યું હતું. C.W.D.Cના કન્વીનર પ્રાધ્યાપક સવિતા ચૌધરીએ આ અંગેની ભૂમિકા અને માહિતી આપી હતી. તથા ભારતી મોદીએ આવનારા કાર્યક્રમની માહિતી આપી હતી. આભારવિધિ ડૉ. સંગીતા વહિયાએ અને સંચાલન ડૉ. અનિતા પાદરીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# કલેક્ટર કચેરીમાં એક મિનિટનું મૌન પાળી શહીદોને શ્રદ્ધાંજલિ અપાઇ



। (માહિતી) વડોદરા, તા.૩૦ ।

મહાત્મા ગાંધીના નિર્વાણ દિને મનાવતા શહીદ દિન અનુસંધાને અહીં કલેક્ટર કચેરી ખાતે જિલ્લા સમાહર્તા શ્રી બિજલ શાહ સહિતના કર્મયોગીઓ દ્વારા એક મિનિટનુ મૌન પાળવામાં આવ્યું હતું.

કલેક્ટર કચેરીના બેઠક કક્ષમાં નાયબ કલેક્ટર, નાયબ મામલતદારો ઉપરાંત ક્લાર્ક એકત્ર થયા હતા. કલેક્ટર શ્રી બિજલ શાહ, જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરા, નિવાસી અધિક કલેક્ટર શ્રી બી. એસ. પટેલ પણ તેમાં જોડાયા હતા. બરોબર ૧૧ વાગ્યે સૌએ સાથે મૌન પાળ્યું હતું. બાદમાં મહાત્મા ગાંધી ઉપરાંત સ્વાતંત્રતા માટે પ્રાણ ન્યોછાવર કરનારા સૌ વીર હુતાત્માઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

જિલ્લા પંચાયત કચેરી ખાતે પણ આ પ્રકારે સૌ અધિકારીઓ, કર્મચારીઓએ એકત્ર થઇ, મૌન પાળી શહીદોને વંદના કરી હતી. પ્રાદેશિક માહિતી કચેરી ખાતે પણ શહીદ દિન નિમિત્તે મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. અન્ય સરકારી અને બિનસરકારી કચેરીઓ, સંસ્થાઓમાં મૌન પાળી શહીદ વંદના કરવામાં આવી હતી.

# દાહોદ જિલ્લાના ઝાલોદ ઘટક ૩માં મુખ્ય સેવિકા તથા આંગણવાડી વર્કર સહિત કિશોરીઓએ ચાકલીયા પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરા ચૌહાણના માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાના ઝાલોદ ઘટક ૩ માં મુખ્ય સેવિકા તથા આંગણવાડી વર્કર દ્વારા કિશોરીઓની ચાકલીયા પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવવામા આવી હતી.

આ દરમ્યાન થીમ મુજબ રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી, ઘરેલુ હિંસા, દહેજ પ્રથા, સામાજિક શોષણ, બાળ લગ્ન, જાતીય સતામણી, ૧૮૧ હેલ્પ લાઈન વગેરે કાયદાઓ વિષે સમજ આપવામાં આવી હતી. ઉપરાંત સોશિયલ મીડિયા દ્વારા કરવામાં આવતા ગેરફાયદા અંગે કિશોરીઓને સમજ આપવામાં આવી હતી. સરકાર દ્વારા ઘણી બધી યોજનાઓ અને કાયદાઓ આજે અમલમાં છે. જેના દ્વારા સ્ત્રીઓ સ્વમાનભેર પોતાની જિંદગી જીવી શકે અને ખરાબ દૂષણોમાંથી બચી શકી છે. સરકાર દ્વારા મહિલા પૉલિશ સ્ટેશન/મહિલા અભયમ હેલ્પલાઈન નંબર ૧૮૧, સખી વન સ્ટોપ સેન્ટરો વગેરે ચાલુ છે, તેની હેલ્પ કેવી રીતે લેવી તે વિશે વિસ્તાર પૂર્વક જાણકારી કિશોરીને આપવામાં આવી હતી.

એ સાથે પોલીસ અધિકારી દ્વારા કિશોરીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે તે હેતુથી પોલીસ સ્ટેશનની આંતરિક મુલાકાત, કિશોરીઓ સાથે સંવાદ તેમજ અધિકારી દ્વારા પ્રોત્સાહન સહિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ઝાલોદ આંગણવાડી વર્કર કિશોરીઓની બહેનો દ્વારા પોલિસ સ્ટેશનની મુલાકાત કરવામાં આવી



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

આજ રોજ દાહોદ જિલ્લાના ઝાલોદ ઘટક ૧ માં જિલ્લા પૂર્ણા કન્સલ્ટન્ટ,મુખ્ય સેવિકા, BNM સ્ટાફ, DSMU સ્ટાફ તથા આંગણવાડી વર્કર ધ્વારા કિશોરીઓની ઝાલોદ પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવવામા આવી જેમાં થીમ મુજબ રાષ્ટ્રીય બાલિકા દિવસ ની ઉજવણી, ઘરેલુ હિંસા, દહેજ પ્રથા, સામાજિક શોષણ, બાળ લગ્ન, જાતીય સતામણી, ૧૮૧ હેલ્પ લાઈન વગેરે કાયદાઓ વિષે સમજ આપવામાં આવી. તેમજ સોશિયલ મીડિયા ગેરફાયદા અંગે કિશોરીઓને સમજ આપવામાં આવી.સરકારશ્રી દ્વારા ઘણી બધી યોજનાઓ અને કાયદાઓ આજે અમલ માં છે. જેના દ્વારા સ્ત્રી એ સ્વમાન ભેર પોતાની જિદગી જીવી શકે અને ખરાબ દૂષણોમાં થી બચી શકી છે સરકાર શ્રી દ્વારા મહિલા પૉલિશ સ્ટેશન/મહિલા અભયમ હેલ્પલાઈન નંબર ૧૮૧ વન સપોટ સેન્ટરો વગેરે ચાલુ છે તેની હેલ્પ કેવી રીતે લેવી તે જાણકારી કિશોરીને આપવામાં આવી તેમજ વધુમાં પોલીસ અધીકારીશ્રી ધ્વારા કિશોરીઓમા શિક્ષણનું પ્રમાણ વધે તે હેતુથી પોલીસ સ્ટેશનની આંતરિક મુલાકાત, કિશોરીઓ સાથે સંવાદ તેમજ અધિકારી પી.આઈ રાઠવા ધ્વારા પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ભારતીય તટરક્ષક દળ (ઇન્ડિયન કોસ્ટગાર્ડ) દ્વારા આયોજિત બાઈક રેલીનું સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આગમન



। (માહિતી) ગાંધીનગર, તા.૩૦ ।

ભારત દેશની દરિયાઈ સરહદોની સુરક્ષાથી લઈને દરિયામાં રાહત અને બચાવ કામગીરીની તમામ જવાબદારી દેશના તટરક્ષક દળ (કોસ્ટ ગાર્ડ) સંભાળે છે.

દેશભરમાં ''ભારતીય તટરક્ષક દળ દિવસ'' દર વર્ષે ૧ ફેબ્રુઆરીએ ઉજવવામાં આવે છે. આ વર્ષે દળના ૪૯માં સ્થાપના દિવસના ઉપલક્ષમાં ''સમુદ્ર કે પ્રહરી - સરહદ સે સમંદર મોટર સાયકલ અભિયાન'' અંતર્ગત બાઈક રેલી યોજાઈ રહી છે. ગત તા. ૨૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ અટારી વાઘા બોર્ડર ખાતેથી પ્રારંભ થયેલી બાઈક રેલી દેશના વિવિધ રાજ્યોમાંથી પસાર થઈને શુક્રવારે વૈશ્વિક પ્રવાસન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતા નગર ખાતે આવી પહોંચી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવી પહોંચેલી બાઈક રેલીનું કોસ્ટગાર્ડના ઉત્તર પશ્ચિમ ક્ષેત્રના કમાન્ડર શ્રી ટેકુર શશીકુમાર અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના અધિક કલેક્ટર શ્રી ગોપાલ બામણીયાએ સ્વાગત કર્યું હતું. બાદમાં ફ્લેગ ઓફ કરી બાઈક રેલીને આગળના પ્રવાસ માટે રવાના કરી હતી. આ દરમ્યાન સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કોસ્ટગાર્ડની ટીમ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ગ્રામીણ ભારતને એક સાથે જોડવાના ઉદ્દેશ્ય સાથે યોજાઈ રહેલી આ બાઈ રેલી ગુજરાભરમાં પણ ભ્રમણ કરનાર છે. રસ્તામાં ભારતનું દિલ એટલે કે પ્રજાજનો સાથે જોડાઈને અનેકવિધ કાર્યક્રમો પણ કરવામાં આવનાર છે. બાઈક રેલીના માધ્યમથી ભારત સરકારના સંકલ્પો અંગે લોકોમાં જાગૃતિ વધારવા માટે એક અનોખો અવસર ઉભો કરશે. બાદમાં આ રેલી મહારાષ્ટ્રમાં પ્રવેશ કરી ભારતીય તટરક્ષક દળના સ્થાપના દિવસ ૧ ફેબ્રુઆરી-૨૦૨૫ના રોજ મુંબઈ ખાતે પહોંચી તેનું સમાપન કરવામાં આવશે.

# આદિવાસી યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ અંતર્ગત છત્તીસગઢ, ઝારખંડ તેમજ મહારાષ્ટ્રના આદિવાસી યુવાનોએ સુરતના ઔદ્યોગિક સ્થળોની મુલાકાત કરી



। (માહિતી) સુરત, તા.૩૦ ।

છત્તીસગઢ, ઝારખંડ તેમજ મહારાષ્ટ્રના નક્સલ પ્રભાવિત વિસ્તારોના આદિવાસી યુવાનો ગુજરાતના વિકાસ અને સંસ્કૃતિની ઝાંખી કરે, નવી પ્રેરણા મેળવે એવા આશયથી કેન્દ્રીય યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય તેમજ ગૃહ મંત્રાલયના માર્ગદર્શનમાં માય ભારત-સુરત અને નહેરૂ યુવા કેન્દ્ર-સુરત સુરતમાં ૧૬મા આદિવાસી યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ યોજાઈ રહ્યો છે, જેમાં ૨૦૦ આદિવાસી યુવાનો સુરતના મહેમાન બન્યા છે. જેઓને યોગ ગરબા ટ્રેનર ડિમ્પલબેન લોટવાળાએ યોગગરબા શીખવ્યા હતા. કુલદીપ સિંહ રાજપૂતે વિવિધ રોજગાર અને કારકિર્દીની તકો, Examshalaના ફાઉન્ડર અને CEO શ્રી હરેન્દ્રસિંહ તોમરે અભ્યાસ, કારકિર્દી અને રાષ્ટ્ર નિર્માણ અંગે સમજ આપી હતી. મનોરંજન માટે સિનેમા દર્શન અને મ્યુઝિકલ બેન્ડનો સંગીત કાર્યક્રમ પણ યોજાયો હતો. નેહરુ યુવા કેન્દ્ર સંગઠન ના રાજ્ય નિર્દેશક શ્રી દુષ્યંત ભટ્ટના માર્ગદર્શન હેઠળ સુરતના જિલ્લા યુવા અધિકારી સચિન શર્માના સંચાલન અંતર્ગત આદિવાસી યુવાનોને ઔદ્યોગિક સ્થળો જેવા કે, ઓરો યુનિવર્સિટી, યુરો ફૂડસ અને હરેકૃષ્ણ ડાયમંડની મુલાકાત કરાવાઈ હતી. ઓરો યુનિ.માં મેડિટેશન સેન્ટર, ફેશન ડિઝાઈનિંગ, યુરો ફૂડસમાં વિવિધ પ્રકારના ફૂડ પેકેટ્સની બનાવટ અને પેકિંગ, હરેકૃષ્ણ ડાયમંડ કંપનીમાં હીરાના કટિંગ-પોલિશીંગ અને વેપાર વિશે સમજ અપાઈ હતી. લક્ષ્મીપતિ ટેક્સટાઈલમાં કાપડ ઉદ્યોગમાં યાર્નથી અંતિમ ઉત્પાદન સુધીની તમામ પ્રક્રિયા વિષે સૌ માહિતગાર થયા હતા. યુવાનોએ ઔદ્યોગિક કામગીરી અંગે જિજ્ઞાસા પૂર્વક પ્રશ્નો પૂછી કુતુહલ વ્યક્ત કર્યું હતું. મશીનોથી કામગીરી અને ઓછા માનવશ્રમનો અનુભવ કર્યો. સુરત, નવસારી અને વલસાડના જિલ્લા યુવા અધિકારીઓ અને કાર્યક્રમ સંયોજકો ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદ જિલ્લા ડી.ટી.એચ.ઓ દ્વારા ઝાલોદ કોલેજ ખાતે બીમારીઓના લક્ષણ વિશે સમજ આપવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

દાહોદ જિલ્લા ડી ટી એચ ઓ ડો આર ડી પહાડિયાના માર્ગદરસન હેઠળ તેમજ સબ ડીસ્ટ્રિક્ટ હોસ્પિટલ ઝાલોદ આદિક્ષક મેડમના સહયોગથી ગોવર્મેન્ટ કોલેજ ઝાલોદ ખાતે કોલેજના વિદ્યાર્થીઓને HIV, STI, RTI તેમજ TB હોપેટાટીસ, લેપ્રસી વિસે જાણકારી આપવા આવી તેમજ તેવોના Hiv હિપેટાટીસના ટેસ્ટ કરવામાં આવ્યા આ પ્રોગ્રામ ICTC કાઉન્સેલર હેતલબેન STI કાઉન્સેલર એનિલ ભુરીયા જીંજ સતિષભાઈ ગરાસિયા, સંદીપભાઈ તેમજ TBHV ભુપતભાઈ લેપ્રસી સુપરવઝર અને એડોલેસન્ટ કાઉન્સેલર આશાબેન હાજરી આપી હતી અને સમજણ આપી.

# નર્મદા જિલ્લામાં શહીદ દિન નિમિત્તે સવારે ૧૧:૦૦ કલાકે કલેક્ટર કચેરી ખાતે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું




। (માહિતી) ગાંધીનગર, તા.૩૦ ।

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે વીર જવાનોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે, તેવા શહીદ વીરોની સ્મૃતિમાં આજે તા. ૩૦મી જાન્યુઆરીને ગુરૂવારના રોજ શહીદ દિન નિમિત્તે સમગ્ર દેશ-રાજ્યની સાથે નર્મદા જિલ્લામાં સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. નર્મદા જિલ્લા સેવાસદનના પટાંગણમાં જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે.મોદીના માર્ગદર્શન હેઠળ નિવાસી અધિક કલેક્ટર શ્રી સી.કે.ઉંધાડની ઉપસ્થિતિમાં વહિવટી તંત્રના સૌ અધિકારી-કર્મચારીઓએ શહીદ વીરોની સ્મૃતિમાં તેમજ શહીદો પ્રત્યે ઋણ અદા કરવા શ્રદ્ધા અને સન્માનની ભાવનાથી બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. તદઉપરાંત નર્મદા જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક અને વાણિજ્ય સંસ્થાઓ ખાતે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. પારિવારિક જવાબદારીઓ વધશે, તમારા મગજ પર તાણ વધશે. ચેતતા રહેજો કોઈક તમારી સાથે ખોટી પ્રણયચેષ્ટાઓ કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. તમારી ઈચ્છાઓ પૂર્ણ થશે કેમ કે આશીર્વાદ અને સારૂં ભાગ્ય તમારી તરફ આવી રહ્યું છે-તથા અરાઉના દિવસની સખત મહેનત પણ રંગ લાવી રહી છે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે.

**કર્ક (ડ,હ) :**
આજે તમારે થોડી ધીરજ રાખવાણી જરૂર છે કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો. આજે તમે તમારા જીવન ની મુશ્કેલીઓ તમારા જીવનસાથી સાથે વહેંચવા માંગો છો, પરંતુ તેઓ તમને તેમની સમસ્યાઓ વિશે કહેશે અને તમને વધુ પરેશાન કરી દેશે.

**સિંહ (મ,ટ) :**
આજે નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. આજે તમે તમારા કામમાં પ્રગતિ જોઈ શકો એવી શક્યતા છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે. તમારો સાથી તમારા વિશે સારો વિચાર કરે છે, તેથી ઘણી વખત તમારા પર ગુસ્સે થશે, તેના ગુસ્સા પર નારાજ થવા કરતા તેના શબ્દો ને સમજવું વધુ સારું રહેશે.

**તુલા (ર,ત) :**
આજે તમે ઑફિસમાંથી ઘરે ગયા બાદ થોડો સમય પરિવાર સાથે મસ્તી મજાક માં પસાર કરવો અને વડીલો સાથે પણ બેસવું તમને ખરેખર આનંદ આવશે. નાણાં પ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે. એકાએક થયેલો રૉમેન્ટિક મેળાપ તમારા મિજાજને ખીલવશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારા પ્રિયપાત્રનું વિચિત્ર વર્તન તમારો મૂડ બગાડી મૂકશે. તમને લાભ થવાની શક્યતા છે- જો તમે તમારા વિચારો યોગ્ય રીતે રજૂ કરશો તથા કામમાં તમારી દૃઢતા અને કટિબદ્ધતા દેખાડશો તો. જેઓ ઘર ની બહાર રહે છે આજે તે તેમના બધા કાર્ય પૂર્ણ કર્યા પછી, સાંજે ઉદ્યાન માં અથવા એકાંત સ્થળે સમય વિતાવવા નું પસંદ કરશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. આ રાશિ ના અમુક લોકો ને ભૂમિ સંબંધિત બાબતો માં ધન ખર્ચ કરવું પડી શકે છે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. તમે રૉમેન્ટિક વિચારો તથા ભૂતકાળના સપનાંમાં જ ગળાડૂબ રહેશો. હાથમાં લીધેલા નવા કાર્યો અપેક્ષાથી ઊણા ઉતરશે.

**મકર (ખ,જ) :**
આજે કોઈપણ વસ્તુ ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. પોતાની જાત પર દયા ખાવામાં સમય વેડફશો નહીં, એના કરતાં જીવનના પાઠ શીખવાનો પ્રયાસ કરજો. કોઈક રસપ્રદ વ્યક્તિને મળવાની શક્યતા છે. નવા પ્રકલ્પ તથા યોજનાઓને અમલમાં મુકવા માટે સારો દિવસ.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે? સંબંધીઓ તમારી માટે અણધારી ભેટ લાવશે સાથે જ તેમની પાસેથી કોઈક મદદની પણ અપેક્ષા રાખજો. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો.



દિલ્હીમાં રાજઘાટ ખાતે શહીદ દિન નિમિત્તે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, રક્ષામંત્રી રાજનાથ સિંહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની પુણ્યતિથિ પર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી.

### વિદેશ મંત્રી જયશંકરે દુઃખ વ્યક્ત કર્યું

# સાઉદી અરેબિયામાં ભયાનક માર્ગ અકસ્માત, નવ ભારતીયોના મોત

### જેદ્દાહ સ્થિત ભારતીય મિશને જણાવ્યું હતું કે અકસ્માત પશ્ચિમ સાઉદી અરેબિયાના જીઝાન નજીક થયો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

સાઉદી અરેબિયામાં એક ભયાનક માર્ગ અકસ્માતમાં નવ ભારતીયોના મોત થયા છે. જેદ્દાહ સ્થિત ભારતીય મિશન દ્વારા આ અંગે માહિતી આપવામાં આવી છે. મિશને જણાવ્યું હતું કે, આ અકસ્માત પશ્ચિમ સાઉદી અરેબિયાના જીઝાન નજીક થયો હતો. મિશને કહ્યું કે, આ અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના પરિવારોના સંપર્કમાં છે. આ ઉપરાંત, તે સાઉદી અધિકારીઓના સંપર્કમાં છે અને તેઓ તેમનો ટેકો આપી રહ્યા છે.ભારતીય કોન્સ્યુલેટે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''સાઉદી અરેબિયાના પશ્ચિમ ક્ષેત્રમાં જીઝાન નજીક માર્ગ અકસ્માતમાં ૯ ભારતીય નાગરિકોના દુઃખદ મૃત્યુ પર અમે અમારી ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ.'' શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે અમારી હૃદયપૂર્વકની સંવેદના. જેદ્દાહમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ સંપૂર્ણ સહાય પૂરી પાડી રહ્યા છે અને અધિકારીઓ અને પરિવારો સાથે સંપર્કમાં છે. અમે ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની પણ કામના કરીએ છીએ. તેમણે એ પણ માહિતી આપી કે, અકસ્માત અંગે મૃતકો અને ઘાયલોના સંબંધીઓ સંપર્ક કરી શકે તેવી હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે.વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ આ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે કહ્યું કે, અકસ્માત અને જાનહાનિ વિશે જાણીને તેમને ''દુઃખ'' થયું છે.

## દેવભૂમિ દ્વારકાના ૨૧ ટાપુઓ પર બે મહિના સુધી પ્રવેશબંધી

। (એજન્સી) દેવભૂમિ દ્વારકા, તા.૩૦ ।

દેવભૂમિ દ્વારકા જિલ્લાના વહીવટી તંત્રએ દરિયામાં આવેલા ૨૧ ટાપુઓ પર પુર્વ મંજુરી વિના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ ઉપરાંત દ્વારકા નજીકના આવેલા ટાપુ પર વાહનોની અવર-જવર તથા કચરો ફેંકવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. દેવભૂમિ દ્વારકાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટએ જાહેરનામું પ્રસિધ્ધ કરીને જિલ્લાના ૨૧ ટાપુઓ ઉપર જે તે ટાપુની મહેસુલી હકુમત ધરાવતા પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટની લેખીત પુર્વ મંજુરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. જિલ્લામાં આવેલ ૨૧ ટાપુઓ જેવા કે (૧) ધાની ઉર્ફે ડની ટાપુ, (૨) ગાંધીયોકડો ટાપુ, (૩) કાલુભાર ટાપુ, (૪) રોઝી ટાપુ, (૫) પાનેરો ટાપુ, (૬) ગડુ (ગારૂ) ટાપુ, (૭) સાનબેલી (શિયાળી) ટાપુ...

### ભાગદોડ છતાં ૭ કરોડ લોકોએ સંગમમાં લગાવી ડૂબકી

# મૌની અમાવાસ્યા સ્નાને મહાકુંભના ઇતિહાસના બધા રેકોર્ડ તોડી નાખ્યા

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૩૦ ।

મહાકુંભમાં મૌની અમાવસ્યા પર સંગમ સ્નાને અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. ગઈકાલ રાતની નાસભાગ પછી પરિસ્થિતિ નિયંત્રણમાં છે. માહિતી અનુસાર, મૌની અમાવસ્યાના દિવસે રાતે ૮ વાગ્યા સુધી ૭.૬૪ કરોડ ભક્તોએ સંગમમાં ડૂબકી લગાવી હતી. એવો અંદાજ છે કે મૌની અમાવસ્યા પર ૮ થી ૧૦ કરોડ લોકો સંગમમાં સ્નાન કરશે.મહાકુંભમાં મૌની અમાવસ્યાના અવસર પર રાતે ૮ વાગ્યા સુધીમાં સ્નાન કરનારાઓની કુલ સંખ્યા ૭.૬૪ કરોડ સુધી પહોંચી ગઈ છે. જો છેલ્લા ૧૬ દિવસના ૨૦ કરોડનો આંકડો આમાં ઉમેરવામાં



આવે તો આ ડેટા ૨૬ કરોડ સુધી પહોંચી ગયો છે. કુંભ મેળામાં ભાગદોડ છતાં, મૌની અમાવાસ્યાના દિવસે રાતે ૮ વાગ્યા સુધી સાત કરોડ લોકોના સ્નાને અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. કુંભ મેળાના ઈતિહાસમાં કોઈ એક દિવસે સ્નાન કરનારા ભક્તોની આ સૌથી મોટી સંખ્યા છે. અગાઉ મકરસંક્રાંતિ પર ૩.૫ કરોડ લોકોએ સંગમમાં સ્નાન કર્યું હતું અને મૌની અમાવસ્યાના એક દિવસ પહેલા ૨૮ જાન્યુઆરીએ ૫ કરોડ લોકોએ સ્નાન કર્યું હતું. મૌની અમાવસ્યા પર મહાકુંભમાં સંગમમાં સ્નાન કરવાનો રેકોર્ડ પણ તૂટી ગયો છે. મંગળવારે રાત્રે મૌની અમાવસ્યાના સ્નાન પહેલા મહાકુંભમાં થયેલી ભાગદોડની ઘટના બાદ, પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે અને વહીવટીતંત્રે પહેલા કરતા વધુ કડકાઈ વધારી દીધી છે. મહા કુંભ મેળા વહીવટીતંત્ર પાસેથી મળેલા આંકડા મુજબ મૌની અમાવસ્યાના રોજ રાતે ૮ વાગ્યા સુધીમાં ૭.૬૪ કરોડ ભક્તોએ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી હતી.

### ૨૦ કિમી સુધી લાંબી કતારો

# પ્રયાગરાજમાં ટ્રાફિક જામ હજારો વાહનો ફસાઈ ગયા

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૩૦ ।

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં ભીડને નિયંત્રિત કરવા માટે વહીવટી તંત્ર દ્વારા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે પ્રયાગરાજની આસપાસના વિસ્તારોમાં વાહનોની અવરજવરને નિયંત્રિત કરવા માટે બેરિકેડ્સ લગાવવામાં આવ્યા છે. જેના કારણે અનેક કિલોમીટર સુધી ટ્રાફિક જામ સર્જાયો છે. લગભગ ૧૨૫ કિમી પહેલા લગાવવામાં આવેલા આ અવરોધોથી આગળ વાહનોને આગળ વધવાની મંજૂરી આપવામાં આવી નથી. મહાકુંભમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે, જેના કારણે ભીડને નિયંત્રિત કરવી ખૂબ જ જરૂરી બની ગઈ છે. તાજેતરમાં થયેલી નાસભાગની ઘટનાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર કોઈ જોખમ લેવા માંગતું નથી. જેના ભાગરૂપે પ્રયાગરાજ તરફ આવતા વાહનોને શહેરની બહાર જ રોકવામાં આવી રહ્યા છે.પ્રયાગરાજ તરફ જતા મુખ્ય માર્ગો પર બેરિકેડ્સ લગાવવાના કારણે લાંબો ટ્રાફિક જામ સર્જાયો છે. વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે અને મુસાફરો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. એવા અહેવાલો છે કે ૧૫ થી ૨૦ કિલોમીટર સુધી ટ્રાફિક જામ છે. ટ્રાફિક જામના કારણે મુસાફરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણા મુસાફરો કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયેલા રહે છે.

## વોટ્સએપ વધુ એક નવું પ્રાઇવસી ફીચર લાવી રહ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

દેશમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાતું પ્લેટફોર્મ છે. મોટાભાગના લોકો સંદેશા, ફોટા, વિડિઓઝ અથવા દસ્તાવેજો મોકલવા અથવા પ્રાપ્ત કરવા માટે WhatsApp પ્લેટફોર્મનો ઉપ યોગ કરે છે. વોટ્સએપ પર વાત કરતી વખતે, બંને લોકો એકબીજાનો નંબર જુએ છે. પરંતુ હવે આવું નહીં થાય, હકીકતમાં, WhatsApp ટૂંક સમયમાં એક નવું પ્રાઈવસી ફીચર લોન્ચ કરવા જઈ રહ્યું છે, જેના પછી કોઈ તમારો નંબર જાણી શકશે નહીં. અમને વિગતવાર જણાવો.

# પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના ઘરે ચૂંટણી પંચના દરોડા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

દેશની રાજધાની દિલ્હીમાં રાજકીય માહોલ ગરમાયેલો છે. રાજકીય પાર્ટીઓના નેતાઓ પોતાના એજન્ડાને વોટર્સ સુધી પહોંચાડવામાં લાગી ગયા છે. તો વળી નેતાઓ વચ્ચે વાક્યુદ્ધ ચરમ પર છે. આરોપ-પ્રત્યારોપ થઈ રહ્યા છે. આ દરમ્યાન સત્તાધારી પાર્ટી આમ આદમી પાર્ટીના દાવાએ સનસની ફેલાવી દીધી છે. આપે દાવો કર્યો છે કે, ચૂંટણી પંચની ટીમે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના દિલ્હીમાં આવેલા સરકારી આવાસ પર દરોડા પાડ્યા છે. આપને જણાવી દઈએ કે, સીએમ ભગવંત માન હાલમાં ઉમેદવારો માટે દિલ્હીમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, આમ આદમી પાર્ટી તરફથી પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને લઈને મોટો દાવો કરવામાં આવ્યો છે. દાવા અનુસાર, પંજાબ સીએમ માનના દિલ્હીમાં આવેલા સરકારી આવાસમાં ચૂંટણી પંચે રેડ પાડી છે. આપે દાવામાં આગળ કહ્યું કે, ચૂંટણી પંચની ટીમ સીએમ માનના કપૂરથલા હાઉસની તલાશી લીધી. આપને જણાવી દઈએ કે, ભગવંત માન દિલ્હીમાં સતત ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. તેઓ આમ આદમી પાર્ટીના ઉમેદવાર માટે વોટ માગી રહ્યા છે. સાતે જ પાર્ટીના એજન્ડાના જનતા સુધી પહોંચાડી રહ્યા છે. અહીં ઉલ્લેખનિય



છે કે સીએમ માન દિલ્હીમાં કપૂરથલા હાઉસમાં રોકાય છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને દિલ્હીમાં આવેલા સરકારી આવાસ પર એમ જ દરોડા નથી પાડ્યા. સૂત્રોની વાત માનીએ તો, ચૂંટણી પંચને ગંભીર ફરિયાદ મળી હતી. આયોગને સી વિઝન એપ દ્વારા ફરિયાદ મળી હતી. જે અનુસાર ત્યાં રોકડ રુપિયા વહેંચવામાં આવતા હોવાનો આરોપ હતો. ફરિયાદના આધાર પર FST (Flying Squad Team) રેડ પાડવા કપૂરથલા હાઉસ પહોંચ્યા. હાલ આ મામલે તપાસ ચાલી રહી છે. આપને જણાવી દઈએ કે, FST રિટર્નિંગ ઓફિસરની અંદર કામ કરે છે.

### બે દિવસમાં મેટ્રોમાં ૪ લાખથી વધુ લોકોની મુસાફરી, રૂા. ૬૬ લાખની આવક, મુસાફરીમાં વર્લ્ડકપનો રેકોર્ડ તૂટ્યો

# અમદાવાદમાં ભારતનો સૌથી મોટો કોલ્ડપ્લે કોન્સર્ટ: ગુજરાત સરકારના અભૂતપૂર્વ વ્યવસ્થાપનથી આ કાર્યક્રમે નવા કિર્તીમાન સ્થાપિત કર્યા

। (માહિતી) ગાંધીનગર ।

વિશ્વભરમાં પ્રસિદ્ધ બ્રિટિશ બેન્ડ કોલ્ડપ્લેનો ભારતનો સૌથી મોટો કોન્સર્ટ અમદાવાદમાં ૨૫ અને ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન યોજાયો હતો. બે દિવસીય આ કોન્સર્ટમાં ભાગ લેવા માટે ૧.૩ લાખ લોકોએ ટિકીટ ખરીદી હતી અને આ ભવ્ય સમારોહમાં સામેલ થવા માટે અંદાજે ૨.૫ લાખ જેટલા લોકો શહેરમાં પહોંચ્યા હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે આયોજકો સાથે ખડેપગે રહીને પૂરતો સહયોગ આપ્યો હતો. રાજ્ય સરકાર તરફથી પોલીસ વિભાગ, અમદાવાદ કોર્પોરેશન અને અન્ય વિભાગોએ યોગ્ય સંકલન સાથે દર્શકોની સુવિધા માટે સુરક્ષા, ટ્રાફિક, મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટેશન અને ઈમરજન્સી સેવાઓ માટે ચુસ્ત આયોજન કર્યું હતું. ૧.૩ લાખ લોકોએ એકસાથે આ કોન્સર્ટને માણ્યો તે સંખ્યાની દૃષ્ટિએ અત્યારસુધી ભારતનો સૌથી મોટો કોલ્ડપ્લે શૉ બન્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પણ 'ઉત્કર્ષ ઓડિશા- મેક ઈન ઓડિશા કૉન્ક્લેવ ૨૦૨૫' કાર્યક્રમ દરમિયાન તેમના સંબોધનમાં ભારતમાં કોલ્ડપ્લે કોન્સર્ટની સફળતા અને દેશમાં કોન્સર્ટ ઈકોનોમીની વ્યાપક તકો અંગે જણાવ્યું હતું. તેમણે રાજ્યો અને ખાનગી ક્ષેત્રોને આ બાબતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કૌશલ્ય નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો આગ્રહ કર્યો હતો. વડાપ્રધાને જણાવ્યું હતું કે, ''તમે મુંબઈ અને અમદાવાદમાં થયેલા કોલ્ડપ્લે કોન્સર્ટની શાનદાર તસવીરો જોઈ હશે. આ એ વાતનું પ્રમાણ છે કે લાઈવ કોન્સર્ટ માટે ભારતમાં કેટલો સ્કૉપ છે. વિશ્વના દિગ્ગજ કલાકારો ભારત તરફ આકર્ષિત થઈ રહ્યાં છે. કોન્સર્ટ ઈકોનોમીથી પ્રવાસન પણ વધે છે અને બહોળી સંખ્યામાં નોકરીઓ પણ પેદા થાય છે. હું રાજ્યો અને ખાનગી ક્ષેત્રોને આગ્રહ કરું છું કે કોન્સર્ટ ઈકોનોમી માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્કિલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરે.''

**વૈશ્વિક કાર્યક્રમોના સફળ આયોજક તરીકે રાજ્યની પ્રતિષ્ઠા મજબૂત બની: મુખ્યમંત્રી**

આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોના સફળ આયોજન અંગે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે,''વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનરી માર્ગદર્શન હેઠળ ગુજરાતે વર્ષ ૨૦૨૩માં જી-૨૦ સમિટ અને ક્રિકેટ વિશ્વકપ જેવા કાર્યક્રમોની સફળતાપૂર્વક યજમાની કરી છે. આ પ્રકારના આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો માટે રાજ્યમાં વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે. અમદાવાદમાં યોજાયેલા કોલ્ડપ્લે કોન્સર્ટની સફળતા રાજ્યની વૈશ્વિક કાર્યક્રમોના સફળ આયોજક તરીકેની પ્રતિષ્ઠાને વધુ મજબૂત બનાવે છે.''

**બે દિવસમાં મેટ્રોમાં ૪ લાખથી વધુ લોકોની મુસાફરી, વર્લ્ડકપનો રેકોર્ડ તૂટ્યો**

કોલ્ડપ્લે કોન્સર્ડ દરમિયાન ગુજરાત સરકારે ૩ દિવસમાં વધુને વધુ લોકોને બસ, ટ્રેઈન અને મેટ્રો સેવાનો લાભ મળે તે સુનિશ્ચિત કર્યું હતું. કોન્સર્ટના બે દિવસોમાં અમદાવાદ મેટ્રોએ સૌથી વધુ મુસાફરીનો માઈલસ્ટોન નોંધાવ્યો હતો જેમાં રૂા. ૬૬ લાખની આવક થઈ હતી. આ બે દિવસ દરમિયાન કુલ ૪,૦૫,૨૬૪ લોકોએ મેટ્રોની મુસાફરી કરી હતી. કોન્સર્ટ દરમિયાન મેટ્રોએ ટ્રીપની સંખ્યા વધારી હતી અને બે દિવસમાં કુલ ૮૩૩ ટ્રીપ કરી હતી. આ પહેલા ક્રિકેટ વર્લ્ડકપ અને આઈપીએલ દરમિયાન સૌથી વધુ મુસાફરી નોંધાઈ હતી. ૧૪ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ક્રિકેટ વિશ્વકપ ૨૦૨૩ દરમિયાન ભારત અને પાકિસ્તાનની મેચના દિવસે ૧,૪૨,૯૭૨ લોકોએ મુસાફરી કરી હતી અને વિશ્વકપની ફાઈનલ દરમિયાન ૧૯ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ૧,૩૭,૮૦૧ લોકોએ મુસાફરી કરી હતી. આઈપીએલ ૨૦૨૪ની ફાઈનલ મેચના દિવસે ૨૨ મે, ૨૦૨૪ના રોજ મુસાફરીનો આંકડો ૧,૬૫,૫૦૪નો રહ્યો હતો.

**જડબેસલાક સુરક્ષા અને પરિવહન વ્યવસ્થા**

આ કાર્યક્રમમાં ભારતના વિવિધ રાજ્યોમાંથી દર્શકો અમદાવાદ પહોંચવાના હોવાથી રાજ્ય સરકાર તરફથી સુરક્ષા અને પરિવહન માટે પૂરતું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ તરફથી ઉચ્ચ અધિકારીઓ સહિત ૧૮૦૦થી વધુની ફોર્સ તહેનાત કરવામાં આવી હતી. કાર્યક્રમની ચોક્કસ દેખરેખ માટે ૨ પોલીસ કન્ટ્રોલ રૂમ અને ૨ સીસીટીવી કન્ટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવ્યા હતા જેમાં ૪૭૦ જેટલા સીસીટીવીથી દેખરેખ કરવામાં આવી હતી. પોલીસ પેટ્રોલિંગ ટીમ દ્વારા કાર્યક્રમના વિસ્તારની આસપાસ સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું. ઈમરજન્સી રિસ્પૉન્સ માટે કાર્યક્રમના સ્થળે ૨ હોસ્પિટલ હંગામી ધોરણે કાર્યરત કરીને ૧૦ એમ્બ્યુલન્સ સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી. ટ્રાફિકને ધ્યાનમાં લઈને ૧૭ પાર્કિંગ એરિયા બનાવવામાં આવ્યા હતા, જેમાં ૮ હજાર જેટલા વાહનો પાર્ક કરી શકાય.

**૪૮ કલાકમાં ૧૫૦૦ ટનથી વધુ કચરાનો નિકાલ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાર્યક્રમ દરમિયાન સ્વચ્છતાની પણ પૂરતી તકેદારી રાખવામાં આવી હતી. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ આસપાસ સફાઈ માટે ૪૯૨ સ્વચ્છતા કર્મચારીઓ સાથે ૧૪ જેસીબી મશીનો અને ૨૭ ટ્રક ફાળવવામાં આવ્યા હતા. ૧૨ સ્વીપર મશીનોની મદદથી સફાઈની કામગીરી કરવામાં આવી હતી અને ૫ કોમ્પેક્ટર અને વધારાના ૧૦ જીઉસ વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ૪૮ કલાકની અંદર ૧૫૫૦ ટન જેટલા કચરાને એકત્ર કરીને તેનો નિકાલ કરવામાં આવ્યો હતો.

**3 દિવસમાં ૯૦૦થી વધુ ફ્લાઈટની અવરજવર, સ્થાનિક અર્થતંત્રને વેગ**

ત્રણ દિવસમાં અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ૯૦૦થી વધુ ફ્લાઈટ્સ પહોંચી હતી, જે સામાન્ય દિવસો કરતા લગભગ બમણી સંખ્યા છે. આ દિવસો દરમિયાન ભારતભરમાંથી અમદાવાદ પધારેલા મહેમાનોએ કોન્સર્ટ ઉપરાંત અમદાવાદ શહેરના આકર્ષક પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી હતી તેમજ ગુજરાતના પરંપરાગત ભોજનનો સ્વાદ માણ્યો હતો. તેના લીધે શહેરના પ્રવાસનને વેગ મળવાની સાથે અમદાવાદની હોટેલ્સ, રેસ્તરાં, શહેરી પરિવહન વિભાગ તેમજ સ્થાનિક વેન્ડર્સને કોલ્ડપ્લે કોન્સર્ટ થકી આવકનો મોટો સ્ત્રોત ઊભો થયો હતો.

## અમદાવાદ શહેરમાં કુલ ૧૫૩૬૦ ટીબીના કેસ નોંધાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

કેન્દ્ર સરકાર દ્વારા અનેક પગલાં લેવામાં આવી રહ્યા છે, કેન્દ્ર સરકારની સજાગતા અને દર્દીઓને યોગ્ય સારવાર સહાય આપવાના પરિણામે નાગરિકોના મનમાંથી ટીબીનો ડર ઓછો થયો છે તેમજ કેસ અને મૃત્યુદરમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. જો કે હજું પણ આ મહામારી અમદાવાદ જેવા શહેરમાં મોટી ચિંતાનો વિષય બની છે.સ્માર્ટ સિટી અમદાવાદમાં ક્ષય રોગના કેસમાં સામાન્ય નિયંત્રણ જોવા મળ્યું છે પરંતુ શ્રમજીવી વસાહતો અને ચાલી કે ઝુંપડપટ્ટી જ્યાં આવેલા છે તેવા વિસ્તારોમાં ટીબીના કેસની સંખ્યા ઘણી વધારે છે. અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં ટીબીના સૌથી વધુ કેસ નોંધાયા છે.વર્ષ ૨૦૨૪માં જોવામાં આવે તો બહેરામપુરામાં ૧૨૨૯ અને રખિયાલમાં ૧૦૪૪ કેસ નોંધાયા હતાં.

## જામનગરમાં કોંગો તાવથી પશુપાલક આધેડનું મોત

। (એજન્સી) જામનગર, તા.૩૦ ।

જામનગરમાં પાંચ વર્ષ પછી ફરીથી કોંગો ફિવરે માથું ઊંચક્યું છે. અહીંના પંચેશ્વર ટાવર વિસ્તારમાં રહેતા ૫૧ વર્ષીય પશુપાલનનું કોંગો ફીવરથી મોત થયું છે. જેના કારણે આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ હતી. સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મોહનભાઈ નામના દર્દીને તાવની ફરિયાદ સાથે ૨૧ જાન્યુઆરીએ જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા..જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. દરમિયાન પુણેની લેબોરેટરીમાં મોકલવામાં આવેલા સેમ્પલમાં કોંગો ફીવર પોઝિટિવ આવ્યો છે. જેના કારણે આરોગ્ય વિભાગે સતરકત દાખવી વિવિધ પગલા લેવાનું શરૂ કર્યુ છે. આ કેસના પગલે જામનગર મહાનગરપાલિકા અને જેડી હોસ્પિટલની આરોગ્ય ટીમે સમગ્ર વિસ્તારમાં સર્વેલન્સ હાથ ધર્યુ છે.

### ગુજરાત માળખાકીય સુવિધાઓ ઉપરાંત ઈ-ગવર્નન્સ ક્ષેત્રે પણ અન્યો માટે દીવાદાંડી સમાનઃ ડો. જીતેન્દ્ર સિંઘ

# ગાંધીનગર ખાતે બે દિવસીય "નેશનલ કોન્ફરન્સ ઓન ગુડ ગવર્નન્સ"નો શુભારંભ

। ગાંધીનગર, તા.૩૦ ।

ગાંધીનગર ખાતે આયોજિત બે દિવસીય "નેશનલ કોન્ફરન્સ ઓન ગુડ ગવર્નન્સ"નો આજે ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના કેન્દ્રીય રાજ્ય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંઘ તેમજ ગુજરાત સરકારના નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ શુભારંભ કરાવ્યો હતો. આ શુભારંભ સમારોહ દરમિયાન મહાનુભાવોના હસ્તે 'મીનીમમ ગવર્મેન્ટ, મેક્સીમમ ગવર્નન્સ ઈ-જર્નલ' તેમજ 'સ્ટેટ કોલાબોરેટીવ ઈનીશીયેટીવ પોર્ટલ'' લોન્ચ કરવામાં આવ્યું હતું.




આ પ્રસંગે ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંઘે આ પરિષદની સુવ્યવસ્થિત યજમાની કરવા બદલ ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ગુજરાતને સુશાસનનું વિશ્વાસપાત્ર મોડલ રાજ્ય ગણાવતા કહ્યું હતું કે, સુશાસન અને સુશાસનીક વ્યવસ્થા અંગે ગોષ્ઠી કે પરિષદનું આયોજન કરવા માટે ગુજરાતથી શ્રેષ્ઠ દેશમાં અન્ય કોઈ વિકલ્પ ન હોઈ શકે. ૯૦ના દાયકામાં કોઈપણ રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવું હોય તો, ગુજરાતમાં IIM-અમદાવાદ ઉપરાંત કોઈ વિકલ્પ ન હતો. આજે એ જ ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની અનેક પરિષદોનું સુદ્રઢ આયોજન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી શક્ય બન્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન તરીકે પદભાર સંભાળ્યા બાદ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુડ ગવર્નન્સની આ રાષ્ટ્રીય પરિષદનું અલગ-અલગ રાજ્યમાં આયોજન કરવાની પ્રેરણા આપી હતી. જેની ફલશ્રુતિરૂપે દેશના અનેક રાજ્યોમાં આ પરિષદનું આયોજન થઈ ચૂક્યું છે. પરંતુ ગુજરાત એક માત્ર એવું રાજ્ય છે, જ્યાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાની અનેકવિધ પરિષદોનું સતત આયોજન થઈ રહ્યું છે. ગુજરાત માત્ર માળખાકીય સુવિધાઓ જ નહિ, પરંતુ ઈ-ગવર્નન્સ ક્ષેત્રે પણ અન્યો માટે દીવાદાંડી સમાન છે. ઓનલાઈન સેવાઓ, પોર્ટલ, ડેશબોર્ડ જેવી અનેક સુવિધાઓ વિકસાવવામાં પણ ગુજરાત દેશમાં અગ્રેસર છે. વડાપ્રધાનશ્રીના 'મીનીમમ ગવર્મેન્ટ, મેક્સીમમ ગવર્નન્સ'ના મૂળમંત્રને ચરિતાર્થ કરવા માટે ભારત સરકાર નાગરિકોને કેન્દ્રમાં રાખીને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગથી સંપૂર્ણ પારદર્શિતા સાથે કામ કરી રહી છે. સાથે જ, ભારત સરકારની ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરેન્સ નીતિ અને સમયબદ્ધ આયોજન થકી નાગરિકોને મીનીમમ ગવર્મેન્ટ, મેક્સીમમ ગવર્નન્સની અનુભૂતિ થઈ રહી છે, તેમ કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

### ૫ વર્ષ પૂર્વે સિંહનું ટોળું વિહરતું હતું ત્યારે પજવણી કરી વીડિયો વાયરલ કર્યો હતો

## સિંહો પાછળ બસ દોડાવી પજવણી કરનાર ૨ શખ્સને ૩ વર્ષની કેદ

। (એજન્સી) રાજુલા, તા.૩૦ ।

રાજુલાના પીપાવાવ પોર્ટ વિસ્તારમાં પાંચેક વર્ષ પૂર્વે સિંહનું ટોળું વિહરતું હતું. ત્યારે જંગલના રાજા સિંહના સમૂહ પાછળ બસ દોડાવી પજવણી કરી વીડિયો વાયરલ કરવામાં આવ્યો હતો. જે બનાવમાં બે શખ્સને કોર્ટે ત્રણ વર્ષની કેદ અને ૨૫ હજારનો દંડ ભરવા હુકમ કર્યો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર વર્ષ ૨૦૧૯માં રાજુલાના પીપાવા પોર્ટમાં રિલાયન્સ ગેટ પાસે જેટી રોડ ઉપરથી પાંચ સિંહનું ગ્રુપ વિહરતું હતું. આ સમયે બસ નં.જીજે.૦૪.એડબ્લ્યુ.૨૦૦૪ના ડ્રાઈવર સુલેમાન બાબુભાઈ કલાણિયાએ જાણી જોઈને સિંહોનું મૃત્યુ થાય તે રીતે પુરપાટ ઝપડે બસ દોડાવી સિંહોને હેરાન-પરેશાન કરી તેમની કુદરતી અવસ્થામાં ખલેલ પહોંચાડી હતી. આ સમયે બાજુમાં બેઠેલો ભાર્ગવ દિનેશભાઈ પરમાર નામના શખ્સે મોબાઈલ ફોનમાં વીડિયો ઉતારી વોટ્સએપના માધ્યમથી સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ કર્યો હતો. જે બનાવ અંગે રાજુલા રેન્જના ફોરેસ્ટ ઓફિસર રાજલબેન ડી.પાઠકે બન્ને શખ્સ સામે ફરિયાદ દાખલ કરાવતા જેના આધારે સુલેમાન કલાણિયા અને ભાર્ગવ પરમારની ધરપકડ કરી રેન્જ ફોરેસ્ટ ઓફિસરે તપાસ કરી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. દરમિયાનમાં આ અંગેનો કેસ રાજુલાના એડીશનલ ચીફ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ દિવ્યેશ બી. ગાંધીની દલીલો, સાહેદો-પંચો, તપાસ અધિકારીની જુબાની, વિવિધ દસ્તાવેજી પુરાવાઓ, મોબાઈલ ફોન, સીસીટીવી ફૂટેજ, ફોરેન્સિક પુરાવાઓ, એફએસએલ રિપોર્ટ વગેરેના મૂલ્યાંકનના આધારે એવું તારણ કાઢવામાં આવ્યું હતું કે, સિંહો જંગલના રાજા છે અને સામાન્ય ક્રમમાં જો તેને છંછેડવામાં ન આવે તો કોઈ નુકશાન કરતા નથી અને આરોપી સુલેમાન કલાણિયાએ સિંહની પાછળ બસ દોડાવી, આરોપી ભાર્ગવ પરમારે તેને અટકાવવાના બદલે વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કરેલ હોય અને મુંગા પ્રાણીઓ પ્રત્યે કરૂણા રાખ્યા વિના આવુ કૃત્ય કરતા સિંહોનું ટોળું ડર અનુભવતા વિખેરાઈ જતાં પાઠડા (સિંહોના બચ્ચા) તેમનાથી અલગ પડી ગયા હતા.આ સંજોગોમાં મુંગા પ્રાણીઓ કે વન્ય પ્રાણીઓ સાથે આવા કોઈ અપકૃત્યો ન થાય અને સમાજમાં દાખલો બેસે, આવા અપકૃત્યો અટકે તે માટે બન્ને આરોપી સુલેમાન બાબુભાઈ કલાણિયા, ભાર્ગવ દિનેશભાઈ પરમારને વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ (સુધારા અધિનિયમ-૨૦૦૨)ની કલમ ૨ (૧૬), ૯ અને ૫૧ સાથે વાંચતા ત્રણ વર્ષની સજા અને રૂા.૨૫,૦૦૦નો દંડ ચુકવવા હુકમ કરવામાં આવ્યો છે. કોર્ટના આકરા વલણ અને દાખલારૂપ સજાના હુકમથી વન્ય પ્રાણીઓની પજવણી કરતા તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે.

### બાયો ડાયવર્સિટી સંવર્ધન ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિ

# કચ્છના ગુનેરી નજીકનો વિસ્તાર પ્રથમ 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઇટ' જાહેર

### પ્રવાસન અને પ્રકૃતિ ક્ષેત્ર દેશ અને વિદેશમાં આગવું સ્થાન ધરાવતા 'કચ્છ'ને વધુ એક સિદ્ધિ પ્રાપ્ત થઈ છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ ।

ગુજરાતમાં કચ્છના ગુનેરી નજીકના વિસ્તારને પ્રથમ 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઇટ' જાહેર કરવામાં આવી છે. આ રીતે બાયોડાયવર્સિટી સંવર્ધન ક્ષેત્રે ગુજરાતના નામે વધુ એક સિદ્ધિ નોંધાઈ છે. પ્રવાસન અને પ્રકૃતિ ક્ષેત્ર દેશ અને વિદેશમાં આગવું સ્થાન ધરાવતા 'કચ્છ'ને વધુ એક સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. રાજ્ય સરકારના સતત પ્રયાસોથી કચ્છના લખપત તાલુકાના ગુનેરી ગામના ૩૨. ૭૮ હેક્ટર વિસ્તારને ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ દ્વારા 'બાયોડાયવર્સિટી હેરિટેજ સાઈટ' જાહેર કરાવામાં આવ્યો છે, જે કચ્છની વિવિધ વિશેષ ઓળખમાં વધુ એક નવું નજરાણું ઉમેરાયું છે. વન અને પર્યાવરણ વિભાગ અંતર્ગત ગુજરાત બાર્યોડાયવર્સિટી બોર્ડની જૈવિક વિવિધતાના સંરક્ષણ અને સંવર્ધનના મહત્વના પગલારુપે કચ્છ જિલ્લાના લખપત તાલુકાના ગુનેરી ખાતે સ્થિત 'ઈનલેન્ડ મેંગ્રૂવ ગુનેરી'' સાઈટને ગુજરાતની પ્રથમ'' બાર્યોડાયવર્સિટી હેરિટેજ સાઈટ ''તરીકે જાહેર કરવામાં આવી છે. મેન્ગ્રૂવ મુખ્યત્વે દરિયા કિનારે એવી જગ્યાએ જોવા મળે છે જ્યાં ૨૪ કલાકમાં એકવાર પાણી આવીને જતું રહેતું હોય, જ્યાં સતત દલદલ એટલે કે કીચડ રહેતું હોય ત્યાં જ જોવા મળે છે. પરંતુ અરબી સમુદ્રથી ૪૫ કિ.મી.ના અંતરે અને કોરી ક્રીકથી ૪ કિ.મીના અંતરે ગુનેરી ખાતે આવેલા મેંન્ગ્રૂવમાં પાણી ક્યારેય આવતું નથી કે કીચડ કે દલદલ નહીં પણ સપાટ જમીન ઉપર ૩૨.૭૮ હેક્ટર વિસ્તારમાં મેંન્ગ્રૂવ જંગલની જેમ પથરાયેલા જોવા મળે છે, જે આપોઆપ એક વિશિષ્ટતા છે. આવી એક સપાટ જમીન પર જંગલની જેમ પથરાયેલા મેન્ગ્રૂવની વિશિષ્ટ અને યુનિક જગ્યા વિશે લોકોને જાણવા મળે એ ખૂબ જરુરી છે.

### મહાકુંભમાં જવાના સપનાં રહ્યાં અધૂરા

# ગુજરાતી શ્રદ્ધાળુઓને નડયો અકસ્માત, એકનું મૃત્યું થયું

### નવસારીથી કારમાં ગયેલા ગુજરાતી શ્રદ્ધાળુને અકસ્માત નડ્યો છે, જેમા એક મહિલાનું મૃત્યુ નીપજ્યું છે

। (એજન્સી) નવસારી, તા.૩૦ ।

ગુજરાતમાંથી મહાકુંભમાં અત્યાર સુધીમાં ૫૦ લાખ લોકો જઈ ચૂક્યા છે અને હજી પણ ધસારો યથાવત્ જ છે. ગુજરાતમાંથી મહાકુંભમાં જતી બધી ટ્રેનો, ફ્લાઈટ, ખાનગી ટ્રાવેલ્સની બસો અને સરકારે શરૂ કરેલી સર્વિસ બધુ પેક છે ત્યારે ગુજરાતી શ્રદ્ધાળુઓ કાર અને વાહનો લઈને નીકળી જાય છે. તેવામાં એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. નવસારીથી કારમાં ગયેલા ગુજરાતી શ્રદ્ધાળુને અકસ્માત નડ્યો છે, જેમા એક મહિલાનું મૃત્યુ નીપજ્યું છે. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં પવિત્ર ત્રિવેણી સંગમ ઘાટ પર અમૃત સ્નાન કરવા દેશ-વિદેશથી કરોડો લોકો પહોંચી રહ્યા છે. ત્યારે નવસારીની જલારામનગર સોસાયટીમાં રહેલા સ્વાતિ પટેલ પોતાના સગા-સંબંધીઓ સાથે મહાકુંભમાં ભાગ લેવા માટે નીકળ્યા હતા. ત્યારે રવિવારે રાત્રે ચિત્રકૂટ પાસે અકસ્માત સર્જાયો હતો. પાછળથી આવી રહેલી અન્ય કાર તેમની કારને ઓવરટેક કરવા જતાં ટક્કર વાગી હતી. આ અકસ્માતમાં સ્વાતિબેન પટેલને ઈજાઓ પહોંચતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મૃત્યુ થયું હતું, જ્યારે આ અકસ્માતમાં અન્ય ૭ લોકોને ઈજાઓ પહોંચતાં તેમને સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. મહાકુંભમાં સ્નાન કરવા નીકળેલા સ્વાતિબેન પટેલની ઈચ્છા અધૂરી રહી ગઈ હતી. મૃતક સ્વાતિબેન પટેલના મૃતદેહને નવસારી લાવવામાં આવ્યો હતો અને તેમની અંતિમવિધિ કરવામાં આવી હતી. આ અકસ્માતમાં ઘાયલ થયેલા તમામ લોકો હાલ સુરક્ષિત રીતે ઘરે પરત ફર્યા છે.

### મુખ્ય દરવાજાના કામમાં જીવલેણ બેદરકારી

# રાજકોટ સિવિલમાં ખાડામાં પડતા ઈન્ડોર પેશન્ટનું મોત

### તાલાલાનો યુવાન હોસ્પિટલમાં દાખલ હતો, વહેલી સવારે આડશ વગરના ઉંડા ખાડામાં ખાબક્યો, કડક પગલાને બદલે માત્ર તપાસો

। (એજન્સી) રાજકોટ, તા.૩૦ ।

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મેઈન ગેટના ચાલતા કામમાં જીવલેણ બેદરકારી દાખવીને ત્યાં ઉંડો મોતનો ખાડો ખુલ્લો મુકી દેવાયો હતો જેમા આજે હોસ્પિટલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ જગદીશભાઈ મનસુખભાઈ ચાવડા (ઉ.વ.૩૫ રહે.બસ સ્ટેન્ડ પાસે કર્મજ્યોત સોસાયટી, તાલાલા) ખાબકતાં તેનું કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું. પ્રાપ્ત વિગત અનુસાર આ યુવાનને પેટમાં સોજા ચડયા હોવાથી ત્રણ દિવસથી તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતો.

આજે વહેલી સવારે તે પત્નીને હમણાં આવું છું કહીને બહાર ચા લેવા માટે નીકળ્યો ત્યારે મુખ્ય દરવાજા પાસે કોન્ટ્રાક્ટરે બેદરકારીપૂર્વક ઉંડો ખાડો ખોદીને તે ખુલ્લો છોડી દીધો હતો અને ત્યાં પુરતી લાઈટ પણ ન્હોતી. જેના પગલે આ દર્દી યુવાન તેમાં ખાબકતાં ગંભીર ઈજા થતા તેનું હોસ્પિટલમાં મૃત્યુ થયાનું જાહેર થયું છે. આ અંગે પ્ર.નગર પોલીસ મથકમાં અકસ્માતે મોતની એન્ટ્રી કરીને તપાસ હાથ ધરાઈ છે પરંતુ, રાત્રિ સુધી કોઈ ગુનો નોંધાયો ન્હોતો.સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.મોનાલી માંકડીયાએ જણાવ્યું કે આ અત્યંત ગંભીર બનાવ છે અને એજન્સી સહિત જવાબદારો સામે પગલા લેવાશે. મેઈનગેઈટ નવો બનાવવા કામ ચાલતું હતું અને તેના પીલર માટે ખાડો ખોદવામાં આવ્યો હતો જ્યાં હવે પુરતી લાઈટની વ્યવસ્થા કરીને પાક્કી આડશ ઉભી કરવામાં આવી છે. આમ, એક યુવાનના મોત પછી તંત્ર જાગ્યું છે ત્યારે આ કામગીરીમાં બેદરકારી અંગે તપાસોમાં સમય વ્યતીત થઈ રહ્યો છે પરંતુ, હજુ કોઈ કડક પગલા લેવાયા નથી કે ફોજદારી ગુનો ત્વરિત કેમ નથી નોંધાયો તે સવાલ ઉઠયો છે. એક તો ઉંડો ખાડો આડશ વગર છોડી દેવાયો, ત્યાં કોઈ ભયસૂચક લાઈટ પણ નહીં અને બીજી તરફ એક દાખલ દર્દી હોસ્પિટલમાંથી બહાર નીકળે તે પણ ગંભીર બાબત છે.

## અમદાવાદ મંડળની કેટલીક ટ્રેનોના પરિચાલન સમયમાં આંશિક પરિવર્તન

। અમદાવાદ, તા.૩૦ ।

પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેનોના સમયપાલન ને વધુ સારું બનાવવાના ઉદ્દેશ્ય થી ૬ ફેબ્રુઆરી ૨૦૨૫ થી અમદાવાદ મંડળ થી ચાલનારી કેટલીક ટ્રેનોના આગમન/પ્રસ્થાન ના સમયમાં આંશિક ફેરફાર કરવામાં આવ્યો છે. આ ટ્રેનો સમય થી ૫ થી ૧૦ મિનિટ પહેલા ચાલશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ

૧. ટ્રેન નંબર ૨૨૪૮૪ ગાંધીધામ-જોધપુર એક્સપ્રેસ ૬ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ગાંધીધામથી ૨૩:૨૦ કલાકને બદલે ૨૩:૧૫ કલાકે ઉપડશે અને સામાખ્યાલી ૦૦.૦૪/૦૦:૦૬ કલાકે, રાધનપુર ૦૧.૩૬/૦૧.૩૮ કલાકે, ભાભર ૦૧:૫૭/૦૧:૫૯ કલાકે અને ભીલડી સ્ટેશન પર ૦૨.૫૫ કલાકે પહોંચીને ૦૩.૦૦ કલાકે તેના ગંતવ્ય સ્થાન માટે પ્રસ્થાન કરશે.

૨. ટ્રેન નં. ૧૪૮૯૩ ભગત કી કોઠી-પાલનપુર એક્સપ્રેસ ૬ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ભીલડી સ્ટેશન પર ૦૩.૦૦/૦૩:૧૦ કલાક ના બદલે ૦૨:૫૦ કલાકે પહોંચીને ૦૩:૦૦ કલાકે ગંતવ્ય સ્થાન માટે પ્રસ્થાન કરશે.

૩. ટ્રેન નં. ૧૨૯૯૩ ગાંધીધામ-પુરી એક્સપ્રેસ ૭ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ગાંધીધામથી ૨૩:૧૦ કલાક ને બદલે ૨૩:૦૫ કલાકે ઉપડશે અને ભચાઉ ૨૩:૩૫/૨૩:૩૭ કલાકે અને સામાંખ્યાલી સ્ટેશન પર ૨૩:૪૮ કલાકે પહોંચીને ૨૩:૫૦ કલાકે ગંતવ્ય સ્થાન માટે પ્રસ્થાન કરશે.

૪. ટ્રેન નંબર ૨૦૮૦૪ ગાંધીધામ-પુરી એક્સપ્રેસ ૯ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ગાંધીધામથી ૨૩:૧૦ કલાક ને બદલે ૨૩:૦૫ કલાકે ઉપડશે અને ભચાઉ ૨૩:૩૫/૨૩:૩૭ કલાકે અને સામાખ્યાલી સ્ટેશન પર ૨૩:૪૮ કલાકે પહોંચીને ૨૩:૫૦ કલાકે ગંતવ્ય સ્થાન માટે પ્રસ્થાન કરશે.

મુસાફરોને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરે. ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry. indianrail.gov.in પર જઈને જોઈ શકો છો.

### વડોદરામાં સિક્યુરિટી ગાર્ડ બનીને રહેતો હતો

# જર્મનીથી ઓપરેટ થતી જીવન ફૌજી ગેંગનો સાગરીત ઝબ્બે

। (એજન્સી) વડોદરા, તા.૩૦ ।

જર્મનીથી ઓપરેટ થતી જીવન ફૌજી ગેંગનો સાગરીત પંજાબમાં ફાયરિંગ કરી વડોદરાના મોલમાં સિક્યુરિટી ગાર્ડ બની રહેતો હતો. જેની માહિતીના આધારે પોલીસે પંજાબના દુકાનદાર ઉપર ફાયરિંગ કરી ફરાર થનાર સુનિલ ઉર્ફે લબ્બા મસીહની વડોદરાથી ધરપકડ કરી છે.

સમગ્ર મામલે જો વાત કરવામાં આવે તો, પંજાબ ડેરા બાબા નાનક વિસ્તારમાં દુકાનદાર પર ફાયરિંગ કરવાના કેસમાં વોન્ટેડ આરોપી વડોદરા આવી ખાનગી મોલમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતો હતો.

આરોપી જર્મનીથી ઓપરેટ થતી કુખ્યાત જીવન ફૌજી ગેંગનો સાગરીત હોવાનો ખુલાસો થયો હતો. જેથી ગતરોજ પંજાબ પોલીસ દ્વારા વડોદરા શહેરના ડીસીપી ઝોન ટુ અભય સોનીને માહિતી આપવામાં આવી હતી કે, ૧૩મી જાન્યુઆરીએ પંજાબના દુકાનદાર પર ફાયરિંગ કરી સુનિલ ઉર્ફે લબ્બા મસીહે ૨૦ લાખની ખંડણી નહિ આપનાર વ્યાપારી પર ફાયરિંગ કર્યું છે અને તે ફરાર થઈ ગયો છે. પોલીસ ચોપડે વોન્ટેડ કુખ્યાત આરોપી હાલ વડોદરામાં છુપાયેલો છે. આ માહિતીના આધારે ડીસીપી અભય સોનીએ આરોપીને ઝડપી પાડવા જુદી જુદી ટીમો બનાવી હતી. આરોપીની કોલ હિસ્ટ્રીના આધારે અને મોબાઈલ લોકેશનના આધારે તપાસ કરતા તે ગોરવા વિસ્તાર નજીકના એક મોલમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે જોડાયો હોવાની માહિતી મળી હતી. જેના આધારે ત્યાં જઈ તપાસ કરતા સુનિલ ઉર્ફે લબ્બાં મસીહ મળી આવ્યો હતો. જેથી પોલીસે તેની ધરપકડ કરી પંજાબ પોલીસને સુપરત કરવા તજવીજ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, આરોપી સુનિલ મસીહ પોતે ખ્રિસ્તી છે પરંતુ પોલીસથી બચવા માટે તેણે માથે પાઘડી પહેરી સરદારજીનો વેશ ધારણ કર્યો હતો.

૨૦ લાખની ખંડણી નહિ મળતા સુનિલે પંજાબના વેપારી પર ફાયરિંગ કર્યું હતું અને ત્યાર બાદ પોલીસથી બચવા તેના ગામમાં દસ દિવસ સુધી છુપાઈ રહ્યો હતો. ત્યારે તેના ગામનો મિત્ર બોબી વડોદરામાં મરીન સિક્યુરિટીનો સુપરવાઈઝર હોવાનું જાણવા મળ્યું હતું. જેથી તેણે મિત્રની મદદથી વડોદરા આવી સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી મેળવી હતી. તે વડોદરા બે દિવસ પૂર્વે જ આવ્યો હતો અને ભાડેથી રૂમ રાખીને રહેતો હતો.



